**આજનો સુવિચાર**
ખાંડ વગરની ચા કદાચ ચાલી પણ જાય.. પણ લાગણી વગરનો સંબંધ ન ચાલે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૮૮ જૂનાગઢ તા.૨૬-૭-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 188, Junagadh : Date : 26 July, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### કડીયાવાડ ખાતે ઈમારત તુટી પડવાની ઘટનામાં

# પતિ - બે પુત્રો ગુમાવનાર મહિલાએ એસીડ પી આત્મહત્યા કરી લેતા સમગ્ર શહેરમાં હાહાકાર





હસતો રમતા પરીવારનો અત્યંત કરૂણ અંત : જવાબદાર કોણ ?

જૂનાગઢ તા. ૨૬

ગત સોમવારે જૂનાગઢ શહેરમાં કડીયાવાડ ખાતે આવેલ જર્જનરીત ઈમારત તુટી પડવાની ઘટનામાં એક આખા પરીવારનો માળો વિખાઈ ગયો છે. ઈમારત તુટી પડી ત્યારે એક પિતા અને બે પુત્રો કાટમાળ નીચે દબાઈ જતાં ત્રણેયનાં કરૂણ મોત નિપજયા હતા. જયારે પતિ અને બે પુત્રો ગુમાવનાર મહિલા મયુરીબેન સંજયભાઈ ડાભી આ આઘાત સહન નહી કરતા તેમણે પણ એસીડ પી લેતા આજે તેમનું કરૂણ મૃત્યુ નિપજતા હાહાકાર મચી ગયો છે. આ સમગ્ર ઘટનાક્રમમાં ગત સોમવારે બપોરનાં સુમારે દાતાર રોડ કડીયાવાડ ખાતે બિલ્ડીંગ ધરાશયી થવાની ઘટનામાં પ્રદિપ ટોકીઝ પાસે રહેતા સંજયભાઈ સતિષભાઈ ડાભી ઉ.વ.૩૩ અને તેમના બે નાના પુત્રો તરૂણ સંજયભાઈ (ઉ.વ.૧૩) અને દક્ષ સંજયભાઈ (ઉ.વ.૭) કાટમાળ હેઠળ દબાઈ જતા તેમના ઘટના સ્થળે જ મોત થયા હતા. આ ઘટના બની ત્યારે સંજયભાઈનાં પત્ની મયુરીબેન સંજયભાઈ (ઉ.વ.૨૮) શાકભાજી લેવા ગયા હતા તેથી તેમનો ચમત્કારી બચાવ થયો હતો પરંતુ એક પળવારમાં પોતાના પતિ અને બે વ્હાલસોયા પુત્રોને ગુમાવનાર હતભાગી મહિલા મયુરીબેન આ કારમો આઘાત સહન નહી કરી શકતા ગત સાંજે તેમણે એસીડ ગટગટાવી લીધું હતું આજે સારવાર દરમ્યાન મયુરીબેનનું કરૂણ મૃત્યુ નીપજયું છે.

આમ સમગ્ર ઘટનાક્રમમાં આખો પરીવાર સાફ થઈ ગયો છે અને મયુરીબેનની આત્મહત્યાને પગલે સમગ્ર દલિત સમાજમાં અને શહેરમાં હાહાકાર મચી ગયો છે. પતિ અને બે પુત્રોનાં અચાનક અણધાર્યા નિધનથી મયુરીબેન એકદમ આઘાતમાં સરી પડયા હતા અને હવે પતિ અને બે પુત્રોનાં મોત બાદ મારે જીવીને શું કરવું તેવું વિચારીને મયુરીબેને એસીડ પી લીધું હતું તેમને પ્રથમ સરકારી હોસ્પીટલમાં ખસેડવામાં આવેલ જયાં તેમની હાલત વધુ ગંભીર જણાતા ઝાંઝરડા રોડ સ્થિત ડો.ભાર્ગવ ફળદુની હોસ્પીટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયાં આજે સવારે સારવાર દરમ્યાન મયુરીબેને અંતિમ શ્વાસ લેતા તેમનું પણ મૃત્યું નિપજયુંહતું. આ સમગ્ર ઘટનાક્રમમાં પતિ, પત્ની અને બે પુત્રોનો ભોગ લેવાયો છે. આ બનાવથી દલિત સામાજમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે અને કોર્પોરેશનનાં સત્તાધિશો સામે સદોષ માનવ વધનો ગુનો નોંધવા માંગણી કરવામાં આવી રહી છે.



હરેક મેડીકલ સ્ટોર/પ્રોવીઝન સ્ટોર તથા Online ઉપલબ્ધ

## જૂનાગઢ મહાનગરપાલિકાનાં બેજવાબદાર નિંભર શાસકો સામે સદોષ માનવ વધનો ગુનો નોંધવા ઉગ્ર માંગણી


જૂનાગઢ તા. ૨૬

ચોમાસા પહેલા જૂનાગઢ શહેરમાં આવેલી જર્જરીત ઈમારતોને ઉતારી લેવાની કાર્યવાહીને કરવાને બદલે માત્ર નોટીસ આપીને સંતોષ માની લેનાર જૂનાગઢ મહાનગરપાલિકાનાં તદ્દન વાહિયાત, બેજવાબદાર, બેશરમ નિંભર શાસકોનાં પાપે એક પરિવારનો માળો સંપૂર્ણપણે વિખાઈ ગયો છે.

હસતી રમતો ચાર જીંદગીઓનો કરૂણ અંત આવ્યો છે ત્યારે તેના માટે કોર્પોરેશનનાં બેજવાબદાર શાસકોની ભુલનું આ પરીણામ છે તેવું સમગ્ર શહેરમાં આક્રોમ સાથે લોકો જણાવી રહયા છે અને હવે રહી રહીને કોર્પોરેશનનું તંત્ર જાગ્યું છે અને શહેરમાં આવેલી જુની જર્જરીત ઈમારતો ઉતારી લેવા માટે કાર્યવાહી શરૂ કરી રહી છે પરંતુ આ બધું ઘોડા છુટયા પછી તબેલાને તાળા મારવા બરાબર છે. શું કોર્પોરેશનનાં બેશરમ સત્તાધિશો એ રાહ જોતા હતા કે પહેલા માનવ જીંદગીઓનો ભોગ લેવાય પછી કામગીરી કરીએ ? વારે તહેવારે, છાશવારે ફોટા પડાવવાની રેસમાં તમામ ૬૦ કોર્પોરેટરો ગાજતા હતા તે હવે કયાં છુપાઈ ગયા છે ? જૂનાગઢમનપાની દિશાહિનનીતિથી શહેરીજનોને ભોગવવાનું આવ્યું છે.

શહેરમાં રોડ રસ્તા, સફાઈનાં ઠેકાણા નથી, વેરા ઉઘરાવવામાં સુરાપુરા રહેલું જૂનાગઢ મનપા તંત્ર પ્રાથમિક સુવિધાઓ આપવામાં નિષ્ફળ ગયું છે. કોઈપણ કોર્પોરેટર ગોત્યા જડતા નથી, કોર્પોરેશને ગેરકાયદેસર અને નિયમ વિરૂધ્ધનાં બાંધકામોને મંજુરી આપીને ભ્રષ્ટાચારની ગંગોત્રી ખોલી નાખી છે અને ભ્રષ્ટાચારી નેતાઓ, અધિકારીઓ, પદાધિકારીઓ, કોર્પોરેટરોનાં વાંકે જૂનાગઢ શહેરવાસીઓએ કયારેય ન જોયું હોય તેવી ભયાનક પુર પરિસ્થિતિનો સામનો કરવો પડયો અને ઠેરઠેર પાણી ભરાઈ જવાને કારણે તેની સૌથી વધુ ખરાબ અસર જૂનાગઢ શહેરમાં આવેલી જર્જરીત ઈમારતોને થઈ અને તેના પરીણામ સ્વરૂપ જૂનાગઢ શહેરમાં કડીયાવાડનાં નાકે આવેલ ત્રણ માળની ઈમારત ધરાશયી થઈ અને ચાર જીંદગીઓનો ભોગ લેવાઈ ગયો જેનું પાપ કોર્પોરેશનનાં સત્તાવાળાઓ માથે છે. દેશની અદાલતો તેનો ન્યાય કરે ત્યારે ખરી ? પરંતુ કુદરતની અદાલતમાં તો તેનો ન્યાય થવાનો જ છે. આ સમગ્ર બાનાવમાં પોતાનાં પતિ, અને બે પુત્રો ગુમાવનાર કમનસીબ મહિલા મયુરીબેને પણ આત્મહત્યા કરી લેતા સમગ્ર શહેર સ્તબ્ધ બની ગયું છે અને મહાનગરપાલિકાનાં સત્તાધિશો સામે સદોષ માનવ વધનો ગુનો નોંધવા ઉગ્ર માંગણી થઈ રહી છે.

## જૂનાગઢ મનપાનાં કમિશ્નર, ટાઉન પ્લાનીંગ ઓફીસર અને મકાન માલિક સામે ફરીયાદ નોંધાવવામાં આવશે : રાજુભાઈ સોલંકી




જૂનાગઢ તા. ૨૬

કડીયાવાડમાં બનેલી ઈમારત તુટી પડવાની ઘટનામાં એકજ પરિવારની ચાર વ્યકિત અને એક પ્રૌઢ શખ્સ મળી કુલ પાંચ વ્યકિતનો ભોગ લેવાયો છે ત્યારે આ ઘટનાનાં ઉગ્ર પ્રત્યાઘાતો સર્જાઈ રહયા છે. આ બાનાવ અંગે દલિત સમાજનાં અગ્રણી રાજુભાઈ સોલંકીએ સૌરાષ્ટ્રભૂમિ દૈનિક સાથે વાતચીત કરતા કહયું કે, આ સમગ્ર ઘટના માટે જવાબદાર જૂનાગઢ મહાનગરપાલિકાનાં કમિશ્નર, ટાઉન પ્લાનર ઓફીસર અને મકાન માલીક સામે આજે એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ દાખલ કરવામાં આવશે અને કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવશે. તેમ રાજુભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

## ઘોડા છુટયા પછી તબેલાને તાળા : કડીયાવાડમાં આવેલ જર્જરીત મકાનો ઉતારી લેવા થઈ રહેલી કાર્યવાહી






જૂનાગઢ તા. ૨૬

કડીયાવાડ વિસ્તારમાં આવેલા અન્ય જૂના અને જર્જરીત મકાનો, દુકાનો તોડી પાડવાની કામગીરી આજે કોર્પોરેશન દ્વારા થઈ રહી છે ત્યારે લોકોમાં એવો સવાલ ચર્ચાઈ રહયો છે કે, જે કાર્યવાહી કોર્પોરેશનનું તંત્ર આજે કરી રહયું છે તે જો તેમણે ચોમાસા પહેલા કરી હોત તો આ કરૂણાંતીકા કદાચ સર્જાઈ ન હોત ? હવે ઘોડા છુટયા પછી તબેલાને તાળા મારવા જેવો ઘાટ સર્જી રહેલું કોર્પોરેશનનું તંત્ર ઉંઘમાંથી સફાળુ જાગ્યું છે. પરંતુ તે પહેલા પાંચ જીંદગીઓનો ભોગ લેવાઈ ચુકયો છે. પ્રસ્તુત તસ્વીરોમાં કોર્પોરેશન તંત્ર દ્વારા જર્જરીત મકાનો, દુકાનો ઉતારી લેવા થઈ રહેલી કાર્યવાહી દર્શાય છે.

## કડીયાવાડનાં વણકર વાસમાં વધુ એક મકાન ધરાશયી ત્રણ દિવસમાં બીજી ઘટના : કોઈ જાનહાની નહી



જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢના કડીયાવાડ સ્થિત વણકરવાસમાં આવેલું વધુ એક મકાન આજે ધરાશયી થઈ ગયું છે. જો કે સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાની થઈ નથી. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ વણકરવાસમાં સરકારી કુવા પાસે આવેલ માં-કૃપા નામનું આ મકાન તુટી પડયું હતું. જો કે મકાન તુટી પડવાની ઘટનામાં ઘરનાં તમામ લોકો સુરક્ષિત હોવાનું જાણવા મળેલ છે અને કોઈ જાનહાની થઈ નથી.

**જોઈએ છે**
૫૦૦/૬૦૦ મીટર શેડ સાથે જગ્યા જીઆઈડીસી ૧મા અને ઝાંઝરડા રોડ પર સરકારી કર્મચારીઓ માટે ફલેટ, ડુપલેક્ષ ફર્નિચર સાથે ભાડે
બ્રોકર દાસાણી : ૯૪૨૬૬૨૮૧૨૧

**વેચવાનો છે**
ઔદ્યોગિક હેતુવાળા ૨૪૪૮ ચોરસ વાર પ્લોટ, જય ભૂવનેશ્વરી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સાબલપુર, જૂનાગઢ (૨૨ હોર્સ પાવર સાથે)
મળો : જયેન્દ્રભાઈ
મો. ૯૮૨૫૨ ૨૦૧૪૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જયાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

જૂનાગઢ બાયપાસ રોડ ઉપર
**ઓપન રેસીડેન્સીયલ પ્લોટ્સ આધુનિક સુવિધાઓ સાથે**
વ્યાજબી ભાવ
સરળ હપ્તા
ઓછી કિંમતમાં ઘણું બધું, તો આજે જ બુક કરાવો



: સાઈટ :
જૂનાગઢ બાયપાસ રોડ, એકલવ્ય ગ્લોબલ સ્કુલ સામે, સરગવાડા ચોકડી, જૂનાગઢ
બુકીંગ : ૯૮૨૫૩ ૩૩૩૭૦ ૯૯૧૩૩ ૯૫૨૦૦
The Dream City
: ડેવલોપર્સ :
મધુરમ કન્સ્ટ્રકશન કાં.
૪થો માળ, ધી ગાર્ડન આઈકોન, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

C M Y K

# ૨૬ જુલાઈ : આંતરરાષ્ટ્રીય મેન્ગ્રૂવ ઈકોસિસ્ટમ સંરક્ષણ દિવસ 'દરિયાઈ કલ્પવૃક્ષ' તરીકે ઓળખાતા ચેર વૃક્ષો (મેન્ગ્રૂવ) વાતાવરણમાંથી ૧૦ થી ૧૫ ટકા જેટલો કાર્બનનો નાશ કરતા હોવાથી જૈવ વિવિધતા વધારવામાં અત્યંત લાભદાયી



## ઈકોલોજીકલ સ્ટેબિલાઈઝેશન, જમીનની જાળવણી અને નિર્માણ સહીત દરિયાઈ ચક્રવાતો સામે રક્ષણ પૂરૂ પાડવામાં મેન્ગ્રૂવ જંગલો ખૂબ જ મહત્વપૂર્ણ : ગુજરાતમાં કચ્છ, કચ્છનો અખાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત અંદાજે ૧૧૦૩ ચોરસ કિલોમીટર વિસ્તારોમાં ૧૫ જેટલી પ્રજાતિઓ સાથે મેન્ગ્રૂવ કવરનું આચ્છાદન

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૬

યુનેસ્કો દ્વારા મેન્ગ્રૂવ ઈકોસિસ્ટમ વિશે જાગૃતિ લાવવા અને તેમના ટકાઉ સંચાલન અને સંરક્ષણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ૨૬ જુલાઈના રોજ 'મેન્ગ્રૂવ ઈકોસિસ્ટમ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. મેન્ગ્રૂવ એ એક નાનું ઝાડ અથવા વૃક્ષ જેવું હોય છે, જે દરિયાકાંઠે ઉગે છે. મેન્ગ્રૂવના મૂળ ખારા કાંપમાં ડૂબેલા હોય છે. 'દરિયાઈ કલ્પવૃક્ષ' તરીકે ઓળખાતા આ વૃક્ષો પર્યાવરણ માટે અનેક રીતે ફાયદારૂપ છે. તો ચાલો આજે વિગતે સમજીએ મેન્ગ્રૂવ કે ચેર ઈકોસિસ્ટમ, તેના અનેકવિધ લાભો અને તેના સંરક્ષણ વિશે.

### મેન્ગ્રૂવનું મહત્વ

● મેન્ગ્રૂવ ઈકોલોજીકલ સ્ટેબિલાઈઝેશન માટે તથા જમીનની જાળવણી અને નિર્માણમાં મહત્વપૂર્ણ છે.

● દરિયામાં આવતા ચક્રવાતો સામે મેન્ગ્રૂવ રક્ષણ પૂરૂ પાડે છે.

● જમીન સંવર્ધનને ગતિ મળે છે અને દરિયાકાંઠાનો વિસ્તાર થાય છે.

● મેન્ગ્રૂવ હોય તેવી જગ્યાએ પવનનું વિસર્જન થતાં ભરતી અને તરંગ ઊર્જાના ઉત્પાદનમાં તે નોંધપાત્ર ફાળો આપે છે.

● મેન્ગ્રૂવ જળ શુદ્ધિકરણનું કામ કરે છે, તે વહેતા પાણીમાં રહેતા તત્વોને શોષી લઈ પાણીની ગુણવત્તા સુધારે છે.

● મેન્ગ્રૂવ વાતાવરણમાંથી ૧૦થી ૧૫ ટકા જેટલો કાર્બનનો નાશ કરે છે. જેથી તે જૈવ વિવિધતા વધારવામાં મદદરૂપ બને છે.

● પક્ષીઓ, માછલીઓ, સસ્તન પ્રાણીઓ, છોડ અને અન્ય વન્યજીવની વિશાળ શ્રેણીઓ મેન્ગ્રૂવ વિસ્તારમાં સુરક્ષિત રીતે વિકસી શકે છે.

● દરિયાકાંઠે રહેતા સમુદાયો માટે મેન્ગ્રૂવ ખૂબ જ મહત્વના સ્રોત છે.

રાજ્યમાં મેન્ગ્રૂવનો વિસ્તાર અને તેનું મહત્વ ભારત દેશના ૯ દરિયાઈ રાજ્યો તથા ૩ કેન્દ્રશાસિત પ્રદેશોમાં મેન્ગ્રૂવ જંગલો આવેલા છે. દેશમાં મેન્ગ્રૂવ જંગલોના વિસ્તારની દ્રષ્ટીએ પશ્ચિમ બંગાળ બાદ ગુજરાત બીજું રાજ્ય છે. ભારતમાં મેન્ગ્રૂવ વિસ્તાર ધરાવતા દરિયાઈ રાજ્યોના ત્રણ મોટા અખાતમાંથી બે અખાત ગુજરાત રાજ્યમાં આવેલા છે. ગુજરાત રાજ્ય અંદાજે ૧૧૦૩ ચોરસ કિલોમીટર જેટલા વિસ્તારમાં ફેલાયેલું મેન્ગ્રૂવ કવર ધરાવે છે. સમયાંતરે રાજ્ય સરકારના પ્રયાસોને પરિણામે રાજ્યના મેન્ગ્રૂવ કવરમાં સુધારો થયો છે. ગુજરાત રાજ્યની વસ્તીનો મોટાભાગનો હિસ્સો દરિયાકાંઠાની ઈકોસિસ્ટમ ઉપર આધારિત છે. રાજ્યના ટકાઉ વિકાસ માટે મેન્ગ્રૂવ ઈકોસિસ્ટમને સાચવી રાખવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. મેન્ગ્રૂવ જંગલો અને દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ માટે રાજ્ય સરકારે સમયાનુસાર જરૂરી યોજનાઓ બનાવી તેનો યોગ્ય અમલ કર્યો છે. જેના ભાગરૂપે રાજ્યના મેન્ગ્રૂવ સંરક્ષણને લગતા કાર્યોના વિશ્વ અને રાષ્ટ્રીય સ્તરે વખાણ કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યમાં કચ્છ, કચ્છનો અખાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં મેન્ગ્રૂવ કવર વિસ્તરેલું છે.

### રાજ્યમાં જોવા મળતા મેન્ગ્રૂવના પ્રકારો

ગુજરાત રાજ્યમાં મેન્ગ્રૂવ જંગલોમાં મેન્ગ્રૂવની ૧૫ જેટલી પ્રજાતિઓ જોવા મળે છે. આ પ્રજાતિઓમાં એવીસેનિયા મરીના એ સૌથી વધુ પ્રભાવશાળી પ્રજાતિ છે, જે રાજ્યના મેન્ગ્રૂવ કવરનો લગભગ ૯૭% જેટલો ભાગ આવરી લે છે. મેન્ગ્રૂવની પ્રજાતિઓ ઉપરાંત, રાજ્યમાંથી મેન્ગ્રૂવ એસોસિએટ્સની ૧૦૦ થી વધુ પ્રજાતિઓ નોંધવામાં આવી છે.

### મેન્ગ્રૂવ સંરક્ષણ માટેના ઉપાયો

● વિવિધ પ્રકારે સંરક્ષણ આપતા મેન્ગ્રૂવ વિસ્તારનું રક્ષણ કરવા માટે મેન્ગ્રૂવના નિવાસી સ્થાનોનું નિયમિત રીતે પેટ્રોલિંગ અને કોમ્બિંગ કરવું જોઈએ.

● આ વિસ્તારોમાં પ્રદૂષણના ફેલાય તથા કોઈપણ જાતની અનિચ્છનીય પ્રવૃત્તિ ન થાય તેનું પણ આપણે ધ્યાન રાખવું જોઈએ.

● મેન્ગ્રૂવ વસવાટોનો વિકાસ થાય, સમાજમાં વિવિધ ક્ષેત્રોમાં દરિયાકાંઠાના કલ્પવૃક્ષ એવા મેન્ગ્રૂવ જંગલોના સંરક્ષણ માટે જાગૃતિ કાર્યક્રમો યોજવા જોઈએ.

● અન્ય ક્ષેત્રોમાં મેન્ગ્રૂવ ઉપર નિર્ભરતા ઘટાડી તેના સંશોધનને પ્રોત્સાહન આપવું જોઈએ, જેથી મેન્ગ્રૂવ ઈકોસિસ્ટમનો વિકાસ થઈ શકે.

અત્રે નોંધનીય છે કે, દરિયાકિનારાના પ્રદેશોમાં પર્યાવરણ સંરક્ષણ માટે ચેર ખૂબ જ મહત્ત્વનું હોવાથી કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા 'મિષ્ટી' પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના 'મિષ્ટી' કાર્યક્રમ અંતર્ગત પાંચ વર્ષ (વર્ષ ૨૦૨૩થી વર્ષ ૨૦૨૮) સુધીમાં નવ દરિયાકાંઠાના રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોમાં આશરે ૫૪૦ ચોરસ કિલોમીટર વિસ્તારને આવરી લેવાશે.

### મેન્ગ્રૂવના વિસ્તરણ અને વિકાસ ઉપર મંડરાતો ખતરો

ગ્લોબલાઈઝેશન તેમજ ઈન્ડસ્ટ્રીના વિકાસના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં વ્યાપારીકરણ થતું જોવા મળે છે. દરિયાકાંઠાના વિસ્તારોને આવી ઔદ્યોગિક પ્રવૃત્તિઓએ ખૂબ મોટી રીતે નુકસાન પહોંચાડ્યું છે. યુનેસ્કોના જણાવ્યા અનુસાર આ બધા કારણોસર મેન્ગ્રૂવ વિસ્તારને નુકસાન થતા તે ત્રણથી પાંચ ગણી ઝડપે અદ્રશ્ય થઈ રહ્યા છે અને નાશ પામી રહ્યા છે. છેલ્લા ૪૦ વર્ષોમાં મેન્ગ્રૂવ કવરેજ લગભગ અડધું સંકોચાઈ ગયું છે.

# જૂનાગઢ વાડલા ફાટક નજીક એસટીએ હડફેટે લઈ ઈજા પહોંચાડયાના બનાવમાં આધેડનું સારવાર દરમ્યાન મૃત્યું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢના વાડલા ફાટક નજીક ગત તા.૨૨-૭-૨૦૨૩ કલાક ૧૫:૦૦ થી ૧૬:૦૦ કલાક દરમ્યાન એસટી બસો હડફેટે લીધાનો બનાવ બનવા પામેલ અને જેમાં ઈજાગ્રસ્ત બનેલા રમેશભાઈ ચંદુભાઈ ચાવડાને સારવાર માટે ખસેડવામાં આવેલ હતા અને જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે મૃતકના પુત્ર ધવલભાઈ રમેશભાઈ ચાવડા(ઉ.વ.૨૩) રહે.વિશ્વકર્મા સોસાયટી વાળાએ એસટી બસ નંબર જીજે-૧૮-ઝેડ-૯૪૪૮ના ચાલક વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ચાલકે પોતાની એસટી બસ પુરઝડપે ચલાવી અને ફરિયાદીના પિતા રમેશભાઈ ચાવડાને હડફેટે લઈ તેના પગ ઉપર એસટી બસના ટાયર ફેરવી દેતા તેઓને ગંભીર ઈજાઓ થઈ હતી અને ગઈકાલે સારવાર દરમ્યાન તેઓનું મૃત્યું થતા આરોપી વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવતા વંથલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકા નગરીમાં ખાડાઓથી સ્થાનિકોને સમસ્યા હાઈવે રોડ ઉપર મસમોટા ખાડા : તંત્ર નિંદ્રાધિન



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૬

યાત્રાધામ દ્વારકામાં હાલમાં પડેલા ભારે વરસાદને લીધે ઠેર ઠેર ખાડાઓ જોવા મળી રહ્યા છે. ગામના અંતરિયાળ રસ્તાઓની સાથે સાથે હાઈવે રોડ ઉપર પણ મસમોટા ખાડાઓ પડી ગયા હોય સ્થાનિકો તેમજ હાઈવે રોડ ઉપરથી પસાર થતા ભારે વાહનો તેમજ યાત્રિકોના વાહનોને ભારે સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. ઈસ્કોન ગેઈટથી બસ સ્ટેશન વચ્ચેનો હાઈવે રોડ ઉપર મસમોટા ખાડા હોય આ હાઈવે ઉપરથી દરરોજના સેંકડો વાહનોની અવરજવર હોય આવા રસ્તાઓ ઉપરથી ૧૦૮ એમ્બ્યુલન્સ સહિતના વાહનોને પસાર થવું પડે છે. આમ છતાં તંત્ર દ્વારા નવનિર્માણ-મરમ્મત કે પેચવર્કનું કામ હજુ સુધી ન કરાયું હોય ધમધમતા હાઈવે રોડ ઉપર સતત અકસ્માતનો ભય હોવા છતાં સબ ચંગા સીની ભૂમિકામાં જણાઈ રહ્યું છે.

# ગમે ત્યાં ગરબાં રમવાનાં ? પોલીસે નિયમનાં પાઠ ભણાવ્યાં



જામનગર,તા.૨૬

ગુજરાતીઓનો ગરબાનો ક્રેઝ ભારે છે. ગરબાપ્રિય ગુજરાતીઓ ગમેત્યાં ગરબા કરે. પરંતુ તમારો આશોખ નિયમોને નેવે મૂકે ત્યારે. આજકાલ રીલ્સના રવાડે ચઢેલા લોકો ગમે તે કરવા તૈયાર થાય છે. રીલ્સ બનાવવા લોકો જીવ પણ જોખમમાં મૂકી રહ્યા છે. ત્યારે જામનગરના એક ગરબા ક્લાસીસના સંચાલકને રસ્તા પર ગરબા કરાવવા ભારે પડ્યુ હતું. જામનગર પોલીસે સબક શીખવાડતી કાર્યવાહી કરી છે. બીજી તરફ ભાજપના સાંસદ પૂનમબેને આ ગરબાની વાહવાહી કરી છે. પૂનમ બેન માડેમે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પેજ પર આ વીડિયો શેર કરીને લખ્યું છે કે, જરા શ્રાવણ આવે ને, આભ વાદળ ચઢે કે, ગાજે ગરજે ગગનને અમે જૂમીએ..અમે જામનગરી જાત, મારે હૈયે બારે માસ,ખાંગા થાય મેઘ બાર, અમે જૂમીએ.... બેડી બંદર ખાતે ગરબા ઘૂમતા જુવાનીયાઓને અભિનંદન. આપ સૌએ જામનગરનો સાચી ભાવનાં ઉજાગર કર્યો છે. હવે બેનના મતે આ જુવાનીયાઓએ જામનગરની સાચી ભાવનાંને ઉજાગર કરી છે પણ પોલીસના મતે જાહેર રોડ પર ગરબા એ નિયમોનો ભંગ છે. જેઓની સાથે જામનગર એસપીએ કાર્યવાહી કરી છે. હવે ગુજરાતની ભાજપ સરકાર ખુલાસો કરવાની જરૂર છે કે ગુજરાતીઓએ જાહેરમાં ગરબા ગાવા કે પોલીસના નિયમો પાળવા... કારણ કે ગરબા ગાવા સામે પોલીસ કાર્યવાહી કરે તો રંગમાં ભંગ પડે. પ્રાપ્ત માહિતી અનુસાર, જામનગરથી એક રીલ્સ વાયરલ થઈ હતી. જેમાં કેટલાક યુવક યુવતીઓ રસ્તાની વચ્ચોવચ ગરબા કરી રહ્યા હતા. તપાસ કરતા માલૂમ પડ્યુ કે, બેડી બંદર રોડ પર ભારે વાહનોની અવરજવર વાળા રોડ પર આ યુવક યુવતીઓએ રસ્તા પર ગરબા કર્યા હતા. ગરબાની રીલ્સ બનાવવા માટે વાહનોને અટકાવાયા હતા, તો રસ્તા પર અવરજવર પણ થોડા સમય માટે થંભી ગઈ હતી. ત્યારે વીડિયો વાયરલ થયા બાદ જામનગર પોલીસે મોટી કાર્યવાહી કરી હતી. તપાસ કરતા માલૂમ પડ્યું કે, રાસરસીયા ગરબા ક્લાસીસના સંચાલકોએ આ રીતે યંગસ્ટર્સને રસ્તા પર ગરબા કરાવડાવ્યા હતા. ત્યારે જામનગર પોલીસે આ ગરબા ક્લાસીસના સંચાલકો પર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા ગરબા ક્લાસીસના સંચાલકોની ધરપકડ કરવામાં આવી છે. જામનગરનો આ કિસ્સો જીવ જોખમમાં મૂકી રીલ્સ બનાવતા લોકો માટે ચેતવણીસમાન છે. આ રીતે રસ્તા પર કોઈ ટ્રાફિક જામ કરીને રીલ્સ બનાવતા, હાઈરાઈઝ ઈમારત પર ચઢીને રીલ્સ બનાવતા કે પછી રેલવે ટ્રેક પર રીલ્સ બનાવતા લોકો માટે આ કિસ્સો ઉદાહરણ રૂપ છે કે, ચેતી જજો. રીલ્સની ઘેલછામાં આવુ કરશો તો કાર્યવાહી થશે. જોકે, પૂનમબેનની વાહવાહી બાદ પોલીસ પણ મૂંઝવણમાં મૂકાઈ છે કે કાર્યવાહી યોગ્ય કરી છે કે ભૂલ કરી બેઠા છીએ.

# વિઠ્ઠલભાઈ રાદડીયાની ચતુર્થ પૂણ્યતિથિએ સરકારી શાળામાં બાળકોને ચોપડા અને બોલપેનનું વિતરણ કરાશે

(હરપાલસિંહ જાડેજા દ્વારા)

જામકંડોરણા તા. ૨૬



વિઠ્ઠલભાઈ રાદડીયાની ચતુર્થ પૂણ્યતિથિ નિમિત્તે ગૌરક્ષક સેવા સમીતી દ્વારા તમામ સરકારી શાળાના બાળકોને વિના મુલ્યે ચોપડા અને બોલપેન વિતરણ કરવામાં આવશે. જામકંડોરણા તાલુકા શાળા અને કન્યાશાળામાં તા. ૨૯-૭-૨૩થી સવારે ૮ કલાકથી વિતરણ શરૂ કરવામાં આવશે. જેમાં ગૌસેવાનાં પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા પીપરડીની આગેવાનીમાં અને તાલુકા શાળાનાં પ્રિન્સીપાલ અને સમીતીનાં ટ્રસ્ટી વિજયભાઈ રાણપરીયાનાં માર્ગદર્શનમાં આ કાર્યક્રમને સફળ બનાવવા સમીતીનાં ટ્રસ્ટીગણ અને સભ્યો ભારે જહેમત ઉઠાવી રહયા છે.

# ઉના : વર્લ્ડ રેકોર્ડ ઈંન્ડિયા ધારક ક્રિષ્નન મહેતા યુવા ઉત્સવમા ગિટાર વાદન તથા હળવું કંઠ્ય સંગીતમાં પ્રથમ

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૬

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધી નગર જિલ્લા યુવા વિકાસ અધિકારી રમતગમત કચેરી જિ. ગીરસોમનાથ ના ઉપક્રમે દિનાંક ૨૫-૭-૨૦૨૩ ના રોજ કન્વીનર ડો. કિશોરભાઈ જે.ગૌસ્વામી પ્રાચાર્ય શાહ હરજીવન ધારસી હાઈસ્કૂલ-ઉનાના માધ્યમથી કન્યા વિનય મંદિર-ઉનાના રંગમંચ ઉપર સંગીત-સાહિત્ય-સાંસ્કૃતિક અને કલા વિભાગની ૩૩ જેટલી સ્પર્ધાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉનાના યુવા સંગીતકાર ક્રિષ્નન કમલેશકુમાર મહેતાએ ગિટાર વાદન(ખુલ્લો વિભાગ) તથા હળવું કંઠ્ય સંગીત (બ વિભાગ) માઉના તાલુકા યુવાઉત્સવ ૨૦૨૩માં બન્ને પ્રતિયોગિતાઓમાં પ્રથમ સ્થાને વિજેતા રહ્યા હતા. ક્રિષ્નન મહેતા જિ.ગીરસોમનાથ કક્ષાએ ઉક્ત સ્પર્ધાઓનું પ્રતિનિધિત્વ કરશે. ક્રિષ્નન મહેતા જેઓ શાસ્ત્રીય ગિટાર વાદન ક્ષેત્રે ઉનાનું નામ રાજ્ય કક્ષાએ તથા રાષ્ટ્રીય કક્ષાએ ગૌરાન્વિત કરી ચૂક્યા છે. ક્રિષ્નન મહેતાના વિજયથી ઉના તાલુકામાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઈ રહી છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : સોની મથુરાદાસ પ્રભુદાસ ધોળકીયા (ઉ.વ. ૬૯) તે સ્વ. પ્રભુદાસ મનજીભાઈ ધોળકીયાનાં પુત્ર, મંજુલાબેનનાં પતિ, વિમલભાઈ, જીતેનભાઈ, અલ્પાબેન જતીનભાઈ વડનગરા (જામનગર), ભાવિકાબેન ધવલકુમાર લાઠીગરા (ધોરાજી)નાં પિતા, તનસુખભાઈ, અનીલભાઈ, હંસાબેન, માલતીબેનના ભાઈ, શૈલેષભાઈ જેન્તીભાઈ માંડલીયા (વેરાવળ)ના બનેવી તા. ૨૫-૭-૨૩ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તા. ૨૭-૭-૨૩ને ગુરૂવારે સાંજનાં ૪ થી ૬ તેમના નિવાસ સ્થાન સવન એપાર્ટમેન્ટ, સી-૭૦૪, હરીઓમનગર, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

# ખંભાળિયાની હરીપર તાલુકા શાળા ખાતે કલા ઉત્સવ ઉજવાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયા તાલુકામાં આવેલી હરીપર તાલુકા શાળા ખાતે સી.આર.સી. કક્ષાના કલા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળ કવિ, ચિત્ર સ્પર્ધા, સંગીત ગાયન સ્પર્ધા તેમજ સંગીત વાદન સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સાથે વાર્તા કથન, વાર્તા લેખન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં કરાયું હતું. આ સ્પર્ધામાં છ શાળાના બાળકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર વિજેતાને પુરસ્કાર આપી, પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમની થીમ જી-૨૦ અંતર્ગત રાખવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન સી.આર.સી. કો-ઓર્ડીનેટર ભીમશીભાઈ ગોજીયા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં અન્ય શાળાના શિક્ષકો હાજર રહ્યા હતા. શ્રી હરીપર તાલુકા શાળાના આચાર્ય છગનભાઈ પરમાર તેમજ સ્ટાફે સહકાર આપ્યો હતો. આ સ્પર્ધાથી બાળકોમાં રહેલી આંતરિક શક્તિઓનો વિકાસ થાય છે તેમજ તેઓને આગળ વધવા માટે પ્રેરણા મળે છે તેવા પ્રતિભાવો વ્યક્ત કરવામાં આવ્યા હતા.

# ખંભાળિયા શહેરના પ્રવેશનો મુખ્ય માર્ગ મગરની પીઠ જેવો કેટલાક જર્જરિત રસ્તાઓ નગરપાલિકાનું નાક કપાવે છે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬



ખંભાળિયા પંથકમાં તાજેતરમાં વરસી ગયેલા કુલ ૫૨ ઈંચથી વધુ વરસાદના કારણે અનેક રસ્તાઓ ખખડી ગયા છે. ખાસ કરીને ખંભાળિયામાં પ્રવેશવાનો જામનગર તરફનો માર્ગ તથા સ્ટેશન રોડ વિસ્તાર મંજૂરીના વાકે ઉબડખાબડ બની રહેતા લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. ખંભાળિયા નગરપાલિકા દ્વારા સમયાંતરે ઉચ્ચકક્ષાએ રસ્તાઓ માટે ખાસ ગ્રાન્ટ મેળવી અને નવેસરથી સી.સી. રોડ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. હાલ ખાસ કરીને મહત્વનો એવો બેઠક રોડ, જડેશ્વર રોડ, પોરબંદર રોડ, જોધપુર ગેઈટ પાસે જૂની ખડપીઠ રોડ, ભગવતી હોલ રોડ, તેમજ ટાઉનહોલ પાસે અને સુખનાથ મંદિર સહિતના રસ્તાઓ સીસી રોડ બનાવાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે નગરપાલિકા દ્વારા અગાઉ "હોતી હૈ, ચલતી હૈ" ની નીતિ બાદ વર્તમાન બોડી દ્વારા રસ્તા મુદ્દે કોન્ટ્રાકટર પાસે ત્રણ વર્ષનું લેખિત ગેરંટીવાળું એગ્રીમેન્ટ કરાવી અને સીસી રોડ બનાવવામાં આવે છે. ત્યારે અહીંના શહેરમાં પ્રવેશવાના બે માર્ગો હજુ પણ ખૂબ જ ખખડી ગયેલા હોવાથી ખાસ કરીને વાહન ચાલકોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. જામનગર તરફથી ખંભાળિયા શહેરમાં પ્રવેશતા આવેલો રસ્તો કે જે અગાઉ પી.ડબલ્યુ.ડી. પાસે હતો. તે ઘણા વર્ષોથી વ્યવસ્થિત ડામર રોડ બન્યો નહતો. આટલું જ નહીં આ રસ્તાને નગરપાલિકાએ મેળવી અને અહીં ખાસ રીપેરીંગ માટે સરકાર પાસેથી ગ્રાન્ટ મેળવી અને ટેન્ડરિંગની વિધિ કરવામાં આવી છે. તેમ છતાં પણ અહીંનું ટેન્ડર ૧૨૮ ટકા અપ હોય, આ કામગીરી અટકી ગઈ છે. જેના ફળ સ્વરૂપ હજુ સુધી આ રસ્તો બની શક્યો નથી. આ ઉપરાંત અન્ય એક રોડ રેલવે સ્ટેશનથી નગર ગેઈટ તરફ જતો માર્ગ કે જે દર વર્ષે આશરે ૫૦-૬૦ ઈંચ ભારે વરસાદના કારણે ધોવાઈ જતો હોવાથી અહીં ડામર રોડના બદલે સી.સી. રોડ બનાવવા માટેની કામગીરી કરવામાં આવી છે જે અંગેનું પ્રકરણ મંજૂરી અર્થે રાજકોટની પ્રાદેશિક નગરપાલિકા નિયામક કચેરીએથી હાલ ગાંધીનગર નીયામકમાં મોકલવામાં આવ્યું છે. જે અંગેની ફાઈલ હજુ મંજૂર ન થતા આ રસ્તો મગરની પીઠ જેવો બની રહ્યો છે. જોકે નગરપાલિકા તંત્ર દ્વારા આ રસ્તા ઉપર હાલ પાંચ-છ દિવસે મોરમ પાથરીને ખાડા પૂરી અને કામ ચલાવ રીતે ગાડું ગબડાવવામાં આવે છે. ત્યારે આવા રસ્તા જ શહેરની છબી "ખાડા નગર" જેવી ઉભી કરે છે.

# દ્વારકા નજીકની ખાનગી કંપનીમાં અનધિકૃત રીતે વિડીયો રેકોર્ડિંગ કરી, કર્મચારીઓને મારી નાખવાની ધમકી : પાંચ શખ્સો સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામે રહેતો ભાયા વેરશી લુણા નામનો શખ્સ થોડા દિવસ પૂર્વે દ્વારકાથી આશરે ૩૮ કિલોમીટર દૂર આવેલી આર.એસ.પી.એલ. (ઘડી) કંપનીમાં સ્થિત કંપની માટે સલામતીની દ્રષ્ટિએ મહત્વની એવી અને પ્રતિબંધિત એફ્લ્યુટ પોન્ડ પાસે આવી અને અનઅધિકૃત રીતે પોતાના મોબાઈલ ફોનમાં વિડીયો રેકોર્ડિંગ કરવામાં આવતું હતું. આ વિડીયો રેકોર્ડિંગ કરવા માટે કંપની કર્મચારી રોશન રાઘવેન્દ્રકુમાર મિશ્રા દ્વારા ના પાડતા આરોપી ભાયા વેરશી લુણા તથા સાથે રહેલા અન્ય ચાર અજાણ્યા શખ્સોએ એક સંપ કરી ગેરકાયદેસર રીતે મંડળી રચીને ઉશ્કેરાઈને ફરિયાદી રોશન મિશ્રા તેમજ તેમની સાથે રહેલા અન્ય કર્મચારીઓને બિભત્સ ગાળો કાઢી, ઝપાઝપી કરી હતી. આટલું જ નહીં, આરોપીઓએ ફરજ ઉપર રહેલા કંપની કર્મચારીને ફડાકા ઝીંકી દઈ અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું રોશન રાઘવેન્દ્રકુમારની પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે દ્વારકા પોલીસે ચાર અજાણ્યા સહિત પાંચેય શખ્સો સામે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢ જીલ્લાના વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાની અવર-જવર રહેતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજીયાત

જૂનાગઢ, તા.૨૬

અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ અલગ જગ્યાએ શ્રેણીબંધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકતને નુકસાનીના બનાવો થયેલ છે. ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અનુસાર આવી ઘટનાઓની શકયતાઓ ભવિષ્યમાં રહેલી છે. ઉપરાંત શહેરમાં વિભિન્ન પ્રકારના લૂંટ, ધાડ જેવા ગુનાઓ પણ બનતા હોય છે. આવા ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તેમજ તપાસકામે સી.સી.ટી.વી. કેમેરા ઉપયોગી બની શકે તેમ હોવાનું જણાવી, વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાને અવર-જવર રહે છે. તેવા સ્થળોએ જાહેર જનતાની સુરક્ષા માટે સી.સી.ટી.વી કેમેરા લગાવવા તેમજ આનુષંગિક જરૂરી પગલાં લેવા સૂચનાઓ બહાર પાડતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષક, જૂનાગઢ તરફથી લઈને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પી.જી.પટેલને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં તમામ હોટલ, ખાણીપીણીની લોજ, ફાસ્ટની દુકાન, ધાબા, ગેસ્ટ હાઉસ, લોજિંગ-બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહો, વિશ્રામ ગૃહો, રિસોર્ટ, ફાર્મહાઉસ, કોમર્શિયલ એકમો, ઔદ્યોગિક એકમો, જીઆઈડીસી, પેટ્રોલ પંપ, સીએનજી પમ્પ, ગેસ એજન્સી, બેંકો, એટીએમ સેન્ટર, સિનેમા ઘર, શોપિંગમોલ, ટોલ પ્લાઝા, આંગડિયા પેઢી, સાઈબર કાફે, કારખાના, શોરૂમ, જાહેર બાગ બગીચા, ટ્યુશન કલાસીસ, યુનિવર્સિટિ, શાળા-કોલેજો, સમાજની વાડી, ચર્ચ, મંદિર, મસ્જિદ, મદ્રેસા, એમ્યુઝમેન્ટ પાર્ક, વોટરપાર્ક, રોપ-વે, સોની વેપારીની દુકાનો તથા મોટી સંખ્યામાં માણસો ભેગા થતા હોય તેવા મેળા જેવા સ્થળોએ એન્ટ્રી-એકિઝટ પોઈન્ટ તથા પાર્કિંગના સ્થળોએ તથા જે તે જગ્યાના મહત્વના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે તેમજ તેનું રેકોર્ડિંગ ૩૦ માટે સાચવવાનો રહેશે. સીએનજી કે પેટ્રોલ પંપના માલિક/સંચાલકોએ સીએનજી પમ્પ/પેટ્રોલ પંપનો સમગ્ર વિસ્તાર આવરી લે તેમજ પેટ્રોલ/ડીઝલ/સીએનજીફીલિંગ સ્ટેશન ઉપર વાહન આવે ત્યારે આવા વાહનના નંબર તેમજ ચાલક સ્પષ્ટ રીતે કેમેરામાં કેદ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન થતા હાઈ ડેફીનેશનના) રેકોર્ડિંગ સિસ્ટમ સાથે પૂરતી સંખ્યામાં રાખવાના રહેશે. પ્રાઈવેટ સિક્યુરિટી રાખવા માંગતા એકમ/પેઢીઓએ લાઈસન્સ ધરાવતી અધિકૃત સિક્યુરિટી એજન્સીના તથા તાલીમબધ્ધ સિક્યુરિટી ગાર્ડ રાખવાના રહેશે. આવા ગાર્ડ રાઉન્ડ ધી કલોક રાખવાના રહેશે. તેમજ જો કોઈ એકમની માલિકી બદલાય તો તે અંગેની જાણ આધાર પુરાવાઓ સાથે તરત જ એસ.ઓ.જી. શાખા, પોલીસ અધિક્ષકની કચેરી, જૂનાગઢમાં તથા લગત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. મલ્ટીપર્પઝ થિયેટર/કોમર્શિયલ મોલ/સેન્ટર/રોપ-વે તથા મેળા કાર્યક્રમના આયોજકોએ આવા સ્થળો ખાતે મેટલ ડિટેકટર લગાવવાના રહેશે. ઘણા ખરા કેસોમાં ગુનેગારો સી.સી.ટી.વી. કેમેરા તોડી નાખતા હોય છે. જેથી સી.સી.ટી.વી કેમેરા રેકોર્ડિંગ એક્સેસ કરવું મુશ્કેલ બને છે/શક્ય બનતું નથી. આથી આવું ન બને તે હેતુસર ડી.વી.આર. સિસ્ટમને કોઈ પણ નુકસાની ન થઈ શકે તે રીતે આવી સિસ્ટમ કેમેરાથી અલગ જગ્યાએ લોકરમાં સુરક્ષિત રીતે રાખવાની રહેશે. તેમજ સી.સી.ટી.વી કેમેરાઓમાં ભારતીય માનક સમયાનુસાર ચોક્કસ પણ સમય સેટ કરવાનો રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામા ભંગબદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોસ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી તા.૧૬/૯/૨૦૨૩ સુધી અમલમાં રહેશે.

## એક અળસિયો જમીનમાં દિવસમાં ૪૦ છિદ્રો કરે છે

# શિક્ષકો-ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે વર્ચ્યુઅલી માર્ગદર્શન આપતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

## જૂનાગઢ જીલ્લામાં પંચાયત, પ્રાથમિક શાળા સહિતના સ્થળોએ અને ડિજિટલ માધ્યમથી રાજ્યપાલનું પ્રાકૃતિક ખેતી સંદર્ભેનું માર્ગદર્શન મેળવ્યું




જૂનાગઢ, તા.૨૬

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિના અભિયાનને તેજીથી આગળ વધારી રહ્યા છે. તેમણે વર્ચ્યુઅલી પ્રાકૃતિક કૃષિ સંદર્ભેના વકતવ્યમાં ખાસ કરીને ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં કેવી રીતે પ્રાકૃતિક ખેતી ફાયદા રૂપ થાય છે. તે જણાવતા કહ્યું કે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં અળસિયા એક દિવસમાં જમીનમાં ૪૦ જેટલા છિદ્રો કરે છે. જેથી વરસાદી પાણી જમીનમાં ઉતરી જાય છે અને જમીનનું ધોવાણ થતું અટકે છે. આ સંબોધનમાં રાજ્યપાલે શિક્ષકોને પણ પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે અનુરોધ કર્યો હતો. જેથી અન્ય ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રેરિત થાય. ઉપરાંત રાજયપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીના જુદા જુદા આયામોની છણાવટ કરી હતી. જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળા વગેરે સ્થળોએ શિક્ષકો ખેડૂતોએ રાજ્યપાલશ્રીનું પ્રાકૃતિક કૃષિ સંદર્ભેનું વકતવ્ય સાંભળ્યું હતું. ઉપરાંત ડિજિટલ મીડિયાના માધ્યમથી પણ રાજયપાલશ્રીનું માર્ગદર્શન મેળવ્યું હતું. જૂનાગઢ જિલ્લામાં આત્મા, ખેતીવાડી સહિતના વિભાગના અધિકારી-કર્મચારીઓએ રાજયપાલશ્રીનું માર્ગદર્શન વર્ચ્યુઅલી લોકો સુધી પહોંચે તે માટે જરૂરી સંકલન કર્યું હતું.

# જૂનાગઢમાં મોહરમ તહેવાર કાયદો વ્યવસ્થા જળવાઈ રહે એ માટે નિમિત્તે ટ્રાફિક નિયમનનું જાહેરનામું

જૂનાગઢ, તા.૨૬

આગામી તા.૨૯ જુલાઈ મુસ્લીમ બીરાદરોનાં મહોરમ (તાજીયા)નો તહેવાર આવતો હોય તાજીયાનાં સરઘસ દરમ્યાન મોટી સંખ્યામાં મુસ્લીમ બીરાદરો ઉપસ્થિત રહેવાની સંભાવનાને ધ્યાને લઈને કાયદો અને વ્યવસ્થા જાળવવા, ટ્રાફીકમાં કોઈ અવ્યવસ્થા ઉભી ના થાય તથા સુલેહ અને શાંતી જાળવાઈ તે સારૂ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ પી.જી.પટેલે તેમને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા ગિરનાર દરવાજા અને જવાહર રોડ તરફથી આવે તે સેજની ટાંકીથી દિવાન ચોક તરફનો પ્રવેશ બંધ, જગમાલ ચોકથી દિવાન ચોક તરફ વાહનોની પ્રવેશબંધી, સુખનાથ ચોકથી સંઘાડીયા બજાર તરફ આવતા વાહનોની પ્રવેશ બંધી, જગમાલ ચોકથી માંડવીચોક તરફ આવતા વાહનોની પ્રવેશબંધી, છાયા બજારથી દીવાન ચોક તરફ આવતા વાહનોની પ્રવેશ બંધી, માલીવાડાથી દિવાનચોક તરફ આવતા વાહનોની પ્રવેશ બંધી, તથા દાણાપિઠથી સર્કલ ચોક તરફ આવતા વાહનોની પ્રવેશબંધી, ચિતાખાના ચોકથી ઢાલ રોડ તરફ આવવા માટે વાહનોની પ્રવેશબંધી તા. ૨૮-૭-૨૦૨૩નાં કલાક ૧૬-૦૦ થી તા.૩૦-૭-૨૦૨૩નાં ૭-૦૦ કલાક સુધી પ્રવેશબંધી ફરમાવેલ છે. આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકતી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧માં જણાવેલ શીક્ષાને પાત્ર ઠરશે.

## વિલિંગ્ડન ડેમ પાસે આવેલા પટેલબાપુના આશ્રમમાં ભારે વરસાદથી તારાજી

**જૂનાગઢ, તા.૨૬**

**જૂનાગઢ ઉપલા દાતારની ધાર્મિક જગ્યાના વિલિંગન ડેમ પાસે આવેલા પટેલબાપુ આશ્રમમાં ભારે વરસાદના કારણે ભારે ખાના ખરાબી સર્જાઈ હતી. ગાયોનો ઘાસચારો અને મોદીખાનું પલળી ગયું હતું અને તણાઈ ગયું હતું.**

**(તસ્વીર : વિજય ત્રિવેદી)**




# પ્રાચી ૧૦૮ ટીમની ઉમદા કામગીરીએ બચાવ્યો માતા અને બાળકનો જીવ

## એમ્બુલન્સમાં જ કરાવવામાં આવી સફળતાપૂર્વક પ્રસૂતિ, પરિવારે સમગ્ર સ્ટાફનો આભાર માન્યો



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૬

ગીર-સોમનાથ જિલ્લાનાં વેરાવળ તાલુકાના નાખડા ગામે રહેતા ભાવનાબેન ભરતભાઈને પ્રસુતિની પીડા ઉપડતા ૧૦૮માં કોલ કર્યો હતો. આ કોલ મળતાની સાથે જ પ્રાચી ૧૦૮ની ટીમના ઈ.એમ.ટી. હરેશ પરમાર અને પાયલોટ નરેશ ચોહાણ તાત્કાલિક ધોરણે સ્થળ ઉપર પહોંચીને જરૂરી જણાતા એમ્બ્યુલન્સમાં જ સારવાર આપી માતા અને બાળકનો જીવ બચાવ્યો હતો.

વેરાવળ તાલુકાના નાખડા ગામે રહેતા ભાવનાબેન ભરતભાઈને પ્રસુતિ પીડા ઉપડતા ૧૦૮માં કોલ કર્યો હતો. આ કોલ મળતાની સાથે જ પ્રાચી ૧૦૮ ટીમના ઈ.એમ.ટી. હરેશ પરમાર અને પાયલોટ નરેશ ચોહાણ દ્વારા તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે ઉપર પહોંચીને જરૂરી ઈ.એમ.ટી. દ્વારા પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી અને ભાવનાબેનને પ્રસુતિનો અસહ્ય દુઃખાવો હોવાથી હોસ્પિટલ લઈ જતા રસ્તે અચાનક દુઃખાવો વધવાથી તત્કાલીન અમદાવાદ ૧૦૮ સેન્ટર ખાતેના ડોક્ટર સાથે ફોન દ્વારા માર્ગદર્શન મેળવીને એમ્બ્યુલન્સમાંજ નોર્મલ પ્રસુતિ કરાવી અને જરૂરી દવા આપવામાં આવી હતી અને સફળતાપૂર્વક પ્રસુતિ કરાવીને માતા અને બાળકનો જીવ બચાવ્યો હતો તેમજ વેરાવળ સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા હતાં. જેથી સફળતાપૂર્વક દીકરાનો જન્મ થતા પરિવારમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી અને પરિવારે ૧૦૮ના સ્ટાફનો આભાર માન્યો હતો.

# કોડીનારના ગોહીલની ખાણ ગામે એપ્રોચ રોડ ઉપર રસ્તાની બન્ને બાજુ આવેલ ગટરોમાં દબાણ હટાવવા માંગ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૨

કોડીનારના ગોહીલની ખાણ ગામે એપ્રોચ રોડ ઉપર રસ્તાની બન્ને બાજુ આવેલ ગટરોમાં દબાણ હટાવવા અને બુરાઈ ગયેલી ગટરો ખોલી વરસાદી પાણીનું કાયમી નિકાલ કરવા માંગ કરવામાં આવી છે.

આ અંગે ગોહિલની ખાણ ગામના અરસીભાઈ અરજણભાઈ ગોહિલ અને અન્ય ખેડૂતોએ કરેલી માંગ મુજબ કોડીનારથી ગોહીલની ખાણ ગામને જોડતો ગોહિલની ખાણ એપ્રોચ રોડ બન્યા બાદ રોડની બંને બાજુ ગટરો બંધ હોવાના કારણે વરસાદી પાણીનો નિકાલ થતો ન હોય ખેડૂતોની ૨૦૦ હેકટર(૫૦૦ વીઘા) જેટલી જમીનમાં વરસાદી પાણી ભરાઈ જતાં હોવાના કારણે જમીન ધોવાઈ જતાં ખેડૂતોના પાક નિષ્ફળ જઈ રહ્યા હોય રોડની બંનેબાજુની ગટરોમાં દબાણ દૂર કરી ગટરો ખોલી વરસાદી પાણીનું કાયમી નિકાલ કરવા માટે છેલ્લા એક વર્ષથી તંત્રમાં રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં ન આવતા આ વર્ષે પણ ખેડૂતોની જમીન વરસાદી પાણીમાં ધોવાઈ જવા પામી છે. ગોહિલની ખાણ ગ્રામજનો એ કરેલી રજૂઆતના આધારે કોડીનાર મામલતદારે નાયબ કાર્યપાલક ઈજનેરને પત્ર લખી ખેડૂત ખાતેદારો દ્વારા કરવામાં આવેલ રજુઆત અનુસંધાને સ્થળ ચકાસણી કરતા કોડીનારથી ગોહિલની ખાણ જતા રસ્તા ઉપર ખેડૂત ખાતેદારો દ્વારા ઘણી જગ્યાએ હયાત કાચી ગટર બુરી દઈ તેના ઉપર ઉકરડા ઉભા કરવામાં આવેલ હોય ઘણી જગ્યાએ ગટર બુરી તેના ઉપર તાર ફેંસીંગ કરવામાં આવેલ છે તેમજ ઘણી જગ્યાએ ગટર બુરી કંપાઉન્ડ વોલ ઉભી કરવામાં આવી હોય તંત્ર દ્વારા રસ્તાની બાજુમાં આવેલ ગટરોની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવતા અમુક ખેડુત ખાતેદારો દ્વારા આ કામગીરીને અટકાવી દેવામાં આવતા ગટરો ખુલ્લી કરવા તથા દબાણ હટાવવા માટે નાયબ કાર્યપાલક ઈજનેર કચેરી દ્વારા પોલીસ પ્રોટેકશન ફાળવવા પોલીસ તંત્રમાં પત્ર દ્વારા રજૂઆત કરી હોય પોલીસ પ્રોટેકશન મળતા ગટરોના દબાણ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવશે.




# સોમનાથ મંદિર સામે આવેલ રેલ્વે રીઝર્વેશન ટીકીટ બુથ બંધ : તત્કાલ શરૂ કરવા માંગ





(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૬


વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ બાર જયોર્તિલીંગ પ્રથમ દેશના ર્તિથ તરીકે ભારતીય રેલ્વે તંત્રે સોમનાથ મંદિરની સામે જ રેલ્વે રીઝર્વેશન ટિકીટ બુથ ખોલેલ છે જે બુથ છેલ્લા અઠવાડીયાથી નેટવર્કના અભાવે લીંક ફેયલયોરના બોર્ડ સાથે બંધ છે. દુર દુરથી આવેલા યાત્રિકો-પ્રવાસીઓ હેરાન પરેશાન થયા છે અને પવિત્ર અધિકમાસ અને અન્ય રાજયોના શ્રાવણમાસના યાત્રાળુઓનો રેલ્વે ટીકીટ રીઝર્વેશન થતું નથી જેથી પારાવાર હાલાકી ભોગવવી પડે છે ત્યારે તંત્ર દ્વારા કોઈ પ્રયાસો જ કરાતા નથી. આ રીઝર્વેશન બુથ તત્કાલ કાર્યરત કરવા લોકોમાંથી માંગ ઉઠવા પામી છે.

# માંગરોળના મીઠીવાવ વિસ્તારમાં રહેણાક મકાનમાં રોકડ રકમ સહિત ૧,૨૦,૦૦૦ની મત્તાની ચોરી

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૨૬

માંગરોળના મીઠીવાવ વિસ્તારમાં રહેણાંક મકાનમાં ચોરીની ઘટના સામે આવી છે. આ અંગે પોલીસમાં જાણ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ હનીફભાઈ આદમભાઈ અને તેમનો પરિવાર પાણી ભરાવવાને લઈ સગાને રોકાવવા ગયેલ ત્યારે અજાણ્યા લોકો દ્વારા તેમના મકાનમાંથી રૂા.૫૫,૦૦૦ રોકડા, ૧૦ ગ્રામ સોનુ, કટલેરી, ચાંદીના કડા સહિત કુલ ૧ લાખ ૨૦ હજારની કુલ મત્તાની ચોરી થયેલ છે. અરજદાર દ્વારા માંગરોળ પોલીસમાં જાણ કરવામાં આવી છે અને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. થોડા દિવસ પહેલા જ ઈબ્રાહિમ મસ્જિદ પાસે એક મકાનમાં ચોરી થયેલ તેનો ભેદ ઉકેલાયો નથી ત્યારે વધુ એક ચોરી થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# તૃષ્ટીકરણ કોઈના હિતમાં નથી

એક સમયે રાજકારણમાં એ લોકો જ આવતા હતા જેઓ નિઃસ્વાર્થ ભાવ અને પૂર્ણ સમર્પણથી સમાજ અને દેશની સેવા કરવા માંગતા હતા, પરંતુ સ્વતંત્રતાના ૭૫ વર્ષ બાદ રાજકીય પરિવેશમાં જે પ્રકારની પ્રવૃત્તિઓ સામે આવી રહી છે તે રાજનીતિના ઝડપથી બદલાતા ચરિત્રને દર્શાવે છે. હવે દરેક પક્ષ કોઈપણ રીતે સત્તા હાંસલ કરીને વધુને વધુ સમય સુધી તેના પર કબ્જો કરવા માંગે છે. તેના માટે દરેત તિકડમ અપનાવવાથી સંકોચ નથી કરવામાં આવતો. તેની કિંમત જનહિતથી ચૂકવવી પડે છે. એક તાજું ઉદાહરણ હાલમાં જ જોવા મળ્યું, જેમાં બિહારમાં ગંગા પર બની રહેલ પુલ એક નહીં, બે વખત ધ્વસ્ત થઈ ગયો. દરેક વખતે દોષીઓ પર કાર્યવાહી કરવા માટે સરકાર કહેતી હતી, પરંતુ ના કાર્યવાહી થઈ કે ના સમસ્યા દૂર થઈ. બીજું ઉદાહરણ બંગાળથી છે. તેમાં એક મોટા વગદાર અને મુખ્યમંત્રીના અત્યંત વિશ્વાસપાત્ર મંત્રી મહોદય અને તેમની મહિલા મિત્ર સ્કૂલોમાં શિક્ષક નિયુક્તના કૌભાંડમાં જેલમાં બંધ છે. એમના પર આરોપ છે કે અયોગ્ય લોકોને કોટી રીતે નિયુક્તિ આપીને અત્યાર સુધી એ કરોડો રૂપિયાની સંપત્તિ બનાવી ચૂક્યા છે.

વાત માત્ર કૌભાંડો સુધી જ સીમિત નથી. શિક્ષણ ક્ષેત્રે પણ સરકારો પોતાનું વર્ચસ્વ વધારવા તત્પર છે. યુનિવર્સિટીઓ પર નિયંત્રણ માટે રાજ્યપાલની જગ્યાએ હવે મુખ્યમંત્રીને કુલાધિપતિ (ચાન્સેલર) બનાવવાની તૈયારી છે. પંજાબમાં આમ આદમી પાર્ટી સરકાર પણ એવું જ કરવા ઉતાવળી છે. આ દરમ્યાન સમચાર આવ્યા કે સામાજિક ઉત્થાન માટે રાજસ્થાન સરકાર ધોબી, નાયી અને બ્રાહ્મણ વગેરે જાતિઓ માટે પંદર આયોગ રચી રહી છે. દરેક આયોગના અધ્યક્ષ માટે પ્રદેશ સરકારમાં મંત્રી સ્તરનો દરજ્જો અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા હશે. સમાનતા અને સમતા લાવવાને બદલે જાતિઓનાં આયોગ બનાવીને દરેક જાતિને પોતાની ઓળખ સુરિક્ષત કરવાના નામે ગાજર પકડાવવામાં આવી રહ્યું છે. આવા વલણ કરતાં વધુ ખતરનાક છે ચૂંટણી આવતાં જ રાજકીય પક્ષો દ્વારા જાતજાતની રેવડીઓ વહેંચવાની હોડ. ચૂંટણીની સિઝનમાં તમામ પક્ષો ખૂલીને મોટા મોટા વાયદા અને ઘોષણાઓની ઝડી લગાવી દે છે. રોજગાર, વીજળી, સન્માન નિધિ, ગેસસિલિન્ડર, દેવાં માફી, સસ્તી લોન, મફત વાઈફાઈ અને અનામતની સુવિધાથી લઈને જે મનમાં આવે એજ મતદારોને ઓફર કરવામાં આવે છે. જનતાને મફતની સુવિધાઓ આપવાનો કોઈ તર્કસંગત કારણ કે નીતિગત આધાર નથી હોતું, માત્ર કોઈક રીતે વોટ મેળવવાનો તાત્કાલિક ઉદ્દેશ્ય હોય છે.

આજે જાતિ, ક્ષેત્ર અને ધર્મ જેવા સમાજ વિભાજક આધારોનું ઓઠું લઈને વિભિન્ન પક્ષો દ્વારા ચૂંટણીની તૈયારી જન કે સમુદાય વિશેષ માટે ઉપયોગી તુષ્ટીકરણને અંજામ આપવાનું અભિયાન સઘન બનતું જાય છે. આ પ્રક્રિયાનો કોઈ છેડો નથી દેખાતો. સામાન્ય મતદારોની વિચાર કરવાની શક્તિ સીમિત હોય છે તેથી તેની પ્રતિરોધ કરવાની શક્તિ ઘટી જાય છે. સાથે પ્રલોભનોનો વરસાદ એવો થાય છે કે પહેલેથી લાચાર મતદાર આસાનીથી તેમના ભરમાવામાં આવી જાય છે. સુવિધાઓ અને નાણાં વહેંચી વહેંચીને જનતાના વોટ ખેરવવા રાજનીતિને નવો આધાર આપી રહ્યું છે. હવે રાજનીતિમાં ભાગીદારી નાગરિક જીવનમાં સ્વેચ્છાથી અપનાવવામાં આવેલ ધર્મ નથી રહ્યો. આ બધાને કારણે સક્રિય રાજનીતિમાં ભાગીદારી એક મોંઘો સોદો થઈ રહી છે. આજે ધારાસભ્ય અને સાંસદની ચૂંટણીમાં કરોડો રૂપિયા ખર્ચ થાય છે. તેથી ઉમેદવાર પણ કરોડપતિ જોઈએ અને તેનામાં શંકાસ્પદ ચરિત્રથી લઈને અપરાધિક પ્રવૃત્તિવાળાની સારી એવી સંખ્યા હોય છે. રાજકીય બિરાદરીમાં ધનબળ અને બાહુબળનો સહયોગ એક સ્વીકૃત માપદંડ બની ગયો છે, જેને એક સ્તરની નીચે કોઈનો પ્રવેશ વર્જિત થતો જાય છે. રાજકીય પરિદૃશ્યમાં કથિત સામાજિક ઉદ્ધારમાં સામેલ નેતાઓએ પણ પોતાનો દબદબો જાળવી રાખવા માટે જાતિને જીવિત રવાખવામાં જ યોગ્ય રસ્તો દેખાય છે. એમાં જ તેઓ પોતાનું ભવિષ્ય સુરિક્ષત લાગે છે. તેઓ જનનેતાની જેમ નહીં, બલ્કે એક જાતિ વિશેષના નેતાની જેમ વર્તન કરે છે. તેઓ વધારાની તત્પરતાથી એ ઉપાયમાં લાગી રહે છે કે કઈ રીતે જાતિની શક્તિ તેમનું સમર્થન કરે છે. જાતિ આધારિત જનગણના અને વિભિન્ન પ્રકારની અનામતોની માંગ આ પ્રકારની રાજનીતિનાં ગતકડાં છે. બીજી તરફ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાના પ્રસ્તાવને લઈને સમાજની વવિધતાનો ખતરો સૂંઘતાં નકારવાની કોશિશ પણ થાય છે.

આધુનિક યુગમાં ગણતંત્રની જરૂરિયાત છે કે રાષ્ટ્રમાં બધાની સમાન ભાગીદારી હોય. નાગરિકતા નાગરિક હોવાની એ ન્યૂનતમ વ્યવસ્થાને રેખાંકિત કરે છે જે દેશની સીમામાં રહેનારાને સમાન આધાર આપે છે. ભારતીયો માટે સમાન નાગરિક સંહિતા ભેદભાવને સમાપ્ત કરવા માટે આવશ્યક હશે. ત્યારે જ સમતા અને સમાનતાનું લ-ય સાધી શકાશે. એવું નહિ કરીને આપણે દેશ માટે પરિહાસની સ્થિતિ પેદા કરીએ છીએ. તેના વિરોધનો અર્થ એ જ છે કે નાગરિકોની કેટલીય શ્રેણીઓ વાજબી ગણાશે. તલાક, વિવાહ, મિલકત વહેંચણી તથા ધનસંપદા વગેરે બાબતોમાં અલગ-અલગ પ્રકારના માપદંડ અપનાવવા રૂઢિવાદી માનસિકતાને જ દર્શાવે છે

આજે જ્યારે પંથનિરપેક્ષતા, વૈજ્ઞાનિકતા, સમાનતા અને સામાજિક સમતાને લ-ય સ્વીકાર કરવામાં આવી રહ્યું છે તો આખા દેશ માટે સમાન નાગરિક સંહિતા એક સ્વાભાવિક આવશ્યકતા બની ગઈ છે. વિશ્વના મોટાભાગના પ્રગતિશીલ દેશોએ આ પ્રણાલીને સફળતાપૂર્વક અપનાવી છે. ભારતીય બંધારણ પણ એવી જ સંહિતા અપનાવવા ભાર મૂકે છે. ભારતની સુપ્રીમ કોર્ટે પણ વારંવાર તેના તરફ ધ્યાન ખેંચ્યું છે. ભારતના તમામ નાગરિકો તેના હક્કદાર છે. સ્વતંત્રતાનાં ૭૫ વર્ષના સામાજિક-રાજકીય અનુભવનો નિચોડ જે પ્રવૃત્તિઓ તરફ સંકેત કરે છે તે પણ સમાન નાગરિક સંહિતાને પ્રાસંગિક ઠેરવે છે. આ વિમર્શમાં વિપક્ષ તો આખરે વિપક્ષ જ છે! તેણે તો માત્ર વિરોધ જ કરવાનો છે. તેથી તે ખચકાય છે. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે તુષ્ટીકરણ કોઈના હિતમાં નથી. તે ટૂંકા લાભનું હોઈ શકે છે, પરંતુ અંતે દેશનાં મૂળિયાંને જ કોરી ખાશે. ઠેર ઠેર તેનું નુક્સાન ભોગવાઈ રહ્યું છે. આજે જરૂરિયાત છે કે તમામ રાજકીય પક્ષો એના પર વિચાર કરે અને તેને નિયંત્રિત કરવાના કારગત ઉપાયો કરે. એજ રીતે જનચેતના પ્રસાર માટે પણ આંદોલન જરૂરી છે.

### સુરત એરપોર્ટ પર સોનાની દાણચોરીની ઘટના બાદ

# ભારત સરકારે કેટલીક સોનાની જ્વેલરી અને અન્ય વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મુકયા



સુરત,તા.૨૬

છેલ્લા કેટલાક મહિનાથી સુરત એરપોર્ટ પર સોનાની દાણચોરીની ઘટના સામે આવી રહી છે. માત્ર સુરત જ નહીં પરંતુ દેશના અલગ અલગ શહેરોમાં આવી જ રીતે વધી રહ્યા છે. ત્યારે ભારત સરકાર દ્વારા મહત્વનો નિર્ણય કરાયો છે. સુરત ગોલ્ડ સ્મગલિંગ કેસની ગંભીરતા બાદ ભારત સરકારે ગોલ્ડ આયાત પર પ્રતિબંધ મૂક્યા છે. સરકારે કેટલીક સોનાની જ્વેલરી અને અન્ય વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી નોટિફિકેશન પ્રસિદ્ધ કરી દીધું છે. ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન ગુજરાતના ડિરેક્ટર નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે, આ પગલું કેટલીક બિન-આવશ્યક વસ્તુઓની આયાતને રોકવામાં મદદ કરશે. તેમજ દાણચોરી પર પણ અંકુશ મુકશે. હવે આયાતકારે આ ગોલ્ડ પ્રોડક્ટ્સની આયાત કરવા માટે સરકાર પાસેથી લાયસન્સ પરવાનગી લેવી પડશે. જો કે, ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ઢય્હ્લ) એ સ્પષ્ટતા કરી છે કે આ પ્રતિબંધ ભારત અને સંયુક્ત આરબ અમીરાત (ેંછઈ) આયાત કરે છે. વચ્ચેનાં મુક્ત વેપાર કરાર (હ્લછ) હેઠળ આયાત પર લાગુ થશે નહીં. સાથે તેઓએ જણાવ્યું હતું કે, સુરતમાં છેલ્લા કેટલાક મહિનાથી સોનાની દાણચોરીની ઘટના વધી છે. મુંબઈ અને અમદાવાદ કરતાં સુરતમાં સહેલાઈથી સોનાની દાણચોરી કરી શકાય છે. આ જ કારણ છે કે ગોલ્ડ સ્મગલિંગની ઘટનાઓમાં પણ વધારો નોંધાયો છે. આ વાત કેન્દ્ર સરકારને ધ્યાને આવી હશે અને આવી સ્મગલિંગની ઘટનાઓ પર બ્રેક લગાડવામાં તે સરકારે આ મહત્વનો નિર્ણય લીધો છે. હવે આયાત માટે સરકાર પાસેથી લાઈસન્સ પરવાનગી લેવી પડશે. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-મે સમયગાળા દરમિયાન મોતી અને રત્નોની આયાત ૨૫.૩૬ ટકા ઘટીને ૪ બિલિયન ડોલર થઈ છે. આ સમયગાળા દરમિયાન સોનાની આયાત પણ ‘ફ્રી’ થી ‘પ્રતિબંધિત’ કરવામાં આવી ટકા ઘટીને ૪.૭ અબજ ડોલર થઈ છે. ભારત સોનાનો સૌથી મોટો ગઈ છે. મુખ્યત્વે યુએઈ, ઈન્ડોનેશિયા આયાતકાર દેશ છે. દેશના જ્વેલરી અને યુએસએ જેવા દેશોમાંથી આયાત કરવામાં આવ્યું હતું. જથ્થાના સંદર્ભમાં, ભારત વાર્ષિક ૮૦૦-૯૦૦ ટન સોનાની આયાત કરે છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાને કારણે ભારતની સોનાની આયાત ૨૦૨૨-૨૩માં ૨૪.૧૫ ટકા ઘટીને ૩૫ બિલિયન ડોલર થઈ ગઈ છે. ગત નાણાકીય વર્ષ એટલે કે ૨૦૨૧-૨૨માં પીળી ધાતુની આયાત ૪૬.૨ અબજ ડોલર હતી. છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન, જેમ્સ અને જ્વેલરીની નિકાસ ત્રણ ટકા ઘટીને લગભગ ૩૮ બિલિયન ડોલર થઈ ગઈ છે. ચાલુ ખાતાની ખાધ (ઝ્રછઢ) ને કાબુમાં લેવા માટે સરકારે ગયા વર્ષે સોના પરની આયાત જકાત ૧૦.૭૫ ટકાથી વધારીને ૧૫ ટકા કરી હતી.

# અમરેલી હોસ્પિટલના અંધાપા કાંડમાં અસરગ્રસ્તોને વળતર ચુકવવા આદેશ

## સંપૂર્ણ દ્રષ્ટી ગુમાવનાર દર્દીને ૧૦ લાખ અને આંશિક અસર પામેલા દર્દીઓને ૫ લાખ વળતર અપાશે





અમરેલી,તા.૨૬

અમરેલીની શાંતાબા હોસ્પિટલની નવેમ્બર ૨૦૨૨ ઘોર બેદરકારી સામે આવી હતી. હોસ્પિટલની બેદરકારીના કારણે મોતિયાના ઓપરેશન બાદ દર્દીઓએ આંખની રોશની ગુમાવી હતી. અંદાજે ૨૫ જેટલા દર્દીઓને ઓપરેશન બાદ અસર જોવા મળી હતી. આ ઘટના બાદ દર્દીઓને અન્ય શહેરમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા .કેટલાક દર્દીઓને રાજકોટ અને ભાવનગર ખસેડાયા હતો, તો ૪ જેટલા દર્દીઓને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. આ ઘટનામાં ૧૨ દર્દીઓને અસર થઈ હતી. સમગ્ર બનાવ અંગે ફરિયાદ ઊઠતાં રાજ્ય સરકાર દ્વારા તપાસ અર્થે ‘તજજ્ઞોની સમિતિ’ બનાવાઈ હતી. અમરેલીની શાંતાબા હોસ્પિટલ અંધાપા કાંડ મામલે રાજ્યના આરોગ્ય વિભાગે મોટી કાર્યવાહી કરી છે. અસરગ્રસ્ત ૧૨ દર્દીઓને વળતર ચુકવવા શાંતાબા હોસ્પિટલને આદેશ આપવામાં આવ્યો છે. ૧૦ દિવસની અંદર વળતર ચુકવી આરોગ્ય વિભાગને જાણ કરવા જણાવાયું છે. આ ઘટનામાં ૧૨ દર્દીઓને અસર થઈ હતી. કેટલાક દર્દીઓએ દ્રષ્ટી ગુમાવી તો કેટલાક દર્દીઓને આંશિક અસર થઈ હતી. ગત ૧૬ નવેમ્બરથી ૨૩ નવેમ્બર દરમિયાન અમરેલીની આ હોસ્પિટલમાં આંખના ઓપરેશન બાદ આડઅસર થઈ હતી. સંપૂર્ણ દ્રષ્ટી ગુમાવનાર દર્દીને ૧૦લાખ અને આંશિક અસર પામેલા દર્દીઓને ૫ લાખ વળતર ચુકવવા આદેશ કરવામાં આવ્યો છે. સારવાર દરમિયાન દ્રષ્ટી પરત મેળવનાર દર્દીને ૨ લાખનું વળતર ચુકવવા આદેશ કરવામાં આવ્યો છે. આ મામલે તપાસ સમિતિની રચના થઈ હતી. તપાસ સમિતિના અહેવાલમાં પણ હોસ્પિટલની ગંભીર બેદરકારી સામે આવી હતી. ઈન્ફેક્શન કંટ્રોલ પોલિસી અંતર્ગત યોગ્ય પગલા પણ લેવાયા ન હતા. આ ઘટનાક્રમમાં સામેલ તબીબોની સામે મેડીકલ કાઉન્સીલ પણ પગલા ભરશે. ઉપરાંત હોસ્પિટલ ટ્રસ્ટ સાથે સંકળાયેલી હોવાથી ચેરીટી કમિશ્નર પણ કાર્યવાહી કરશે. શાંતાબા મેડીકલ કોલેજને રાજય સરકાર તરફ મળવા પાત્ર ગ્રાન્ટમાંથી ૫ કરોડની ગ્રાન્ટ પણ દંડપેટે કાપી લેવામાં આવશે. આ સમગ્ર ઘટનામાં હૉસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. આર. એમ જીતિયાએ હૉસ્પિટલ અને ઑપરેશન કરનાર ડૉક્ટરોનો ‘બચાવ કરવાનો’ પ્રયત્ન કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, અમારા હૉસ્પિટલના આંખની સારવાર માટેના વિભાગમાં મોતિયાની સારવાર મેળવ્યા બાદ આઠ-દસ લોકોને આંખમાં સોજાની સમસ્યા થઈ હતી. આ સમસ્યાનું કારણ એ હતું કે દર્દીઓને જ્યારે ફૉલોઅપ માટે બોલાવ્યા તેમાંથી કેટલાક સમયસર ન આવ્યા અને આ સમસ્યા થઈ. જે સમયસર આવ્યા તેઓ સાજા થઈ ગયા છે.

# ઈંગ્લેન્ડના કેમ્બ્રિજશાયરમાં ૨૭ વર્ષીય પિતાએ પુત્રીને જન્મ આપ્યો



ઈંગ્લેન્ડ,તા.૨૬

કુદરતે સ્ત્રીને બાળકને જન્મ આપવાનું સુખ આપ્યું છે, પિતા માત્ર બાળકના ઉછેર અને વિકાસની જવાબદારી નિભાવતા હોય છે. પરંતુ શું તમે ક્યારેય સાંભળ્યું છે કે કોઈ પુરુષ બાળકને જન્મ આપે છે? આ દિવસોમાં ઇંગ્લેન્ડનું એક કપલ ચર્ચામાં છે, કારણ કે તેમણે એક બાળક જેનો જન્મ માતા દ્વારા નહીં પરંતુ પિતા દ્વારા થયો હતો. ઈંગ્લેન્ડના કેમ્બ્રિજશાયરમાં રહેતા ૨૭ વર્ષીય કાલેબ બોલ્ડન અને તેની ૨૫ વર્ષીય પત્ની નિયામ બોલ્ડન માતા-પિતા બની ગયા છે. પરંતુ બાળકીને નિયમ દ્વારા નહીં, પરંતુ સેલેબ દ્વારા જન્મ આપવામાં આવ્યો હતો. ખરેખર, સેલેબ એક ટ્રાન્સજેન્ડર માણસ છે. નિયામને ત્રણ કસુવાવડ થઈ હતી — અને જોડિયા બાળકો ૨૩ અઠવાડિયા અને ૨૭ અઠવાડિયામાં મૃત્યુ પામ્યા હતા. આ પછી ડોકટરોએ તેમણે કહ્યું કે તે ક્યારેય બાળકોને જન્મ આપી શકશે, નહીં કારણ કે તેના ઈંડા અપરિપક્વ છે અને ફળદ્રુપ થવામાં અસમર્થ છે. દંપતીએ ૭૭ લાખ રૂપિયામાં સારવાર કરાવવાનું પણ વિચાર્યું હતું. બંને સ્પર્મ ડોનર દ્વારા જ બાળકોને જન્મ આપી શકતા હતા. તે સમય દરમિયાન સેલેબ્સ સંપૂર્ણ રીતે પુરુષ બનવા માટે ટેસ્ટોસ્ટેરોનના ઈન્જેક્શન લેતા હતા. જાન્યુઆરી ૨૦૨૨ માં, તેણે તેને સંપૂર્ણપણે લેવાનું બંધ કરી દીધું. આ પહેલા તે ૨૭ મહિનાથી પુરુષ હોર્મોન્સના ઈન્જેક્શન લઈ રહ્યો હતો, જેની મદદથી તે સંપૂર્ણ રીતે પુરુષ બની શકતો હતો. પરંતુ માતા-પિતા બનવાની ઈચ્છામાં તેણે તે લેવાનું બંધ કરી દીધું. આ પછી, કપલ ઓનલાઈન સ્પર્મ ડોનરને મળ્યું અને માત્ર ૬ મહિનામાં જ સેલેબ્સ પ્રેગ્નન્ટ થઈ ગઈ. જેમ જેમ સેલેબનો બેબી બમ્પ વધતો ગયો તેમ તેમ વધુ લોકો રાઉન્ડ બેબી બમ્પવાળા ટ્રાન્સજેન્ડર પિતાને જોવા લાગ્યા. તેણે કહ્યું કે તેના મોટાભાગના મિત્રો અને કુટુંબીજનો તેને ટેકો આપતા હતા, પરંતુ કેટલાકે સૂચવ્યું કે પુરુષો ગર્ભવતી થઈ શકતા નથી! સેલેબએ મે ૨૦૨૩માં વેસ્ટ સફોક હોસ્પિટલમાં પુત્રીને જન્મ આપ્યો હતો. તેની ગોપનીયતા જાળવવા માટે, તેને માત્ર એક ખાનગી રૂમમાં રાખવામાં આવ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ભય અને દંડથી ક્યારેય પાપ બંધ નથી થતા.

- સ્વામી રામતીર્થ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ સુદ-૮ દૂર્ગાષ્ટમી તા.૨૬ જુલાઈ ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૭, સ્વાતિ નક્ષત્ર, સાધ્ય યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૦, સૂ.અ.૭:૩૫

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (૨ ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.
વૃષભ: આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.
મિથુન: વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.
સિંહ: સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યા: માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.
તુલા: અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.
વૃશ્ચિક: કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.
ધન: માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.
મકર: શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.
કુંભ: અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.
મીન: કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.

અધિક માસનું કથામૃત
- કનકચંદ્ર સી. વ્યાસ



## શ્રધ્ધાનું ફળ

એકવાર દુર્વાસામૂનિ પોતાના દસ હજાર શિષ્યોને લઈને દુર્યોધનને ત્યાં ગયા. દુર્યોધને દુર્વાસામુનિનો ‘‘ભારે ભપકા સાથે યોગ્ય સત્કાર કર્યો અને તેને યોગ્ય આસન પણ આપ્યો. તેમની ખૂબ જ સેવા કરી અને આખો ‘‘દિવસ ખડે પગે તેમની સેવામાં રહ્યો. આવી સતત સેવા જોઈ અને મહાન એવા દુર્વાસામૂનિ ખૂબ જ પ્રસન્ન‘‘થયા.‘‘દુર્યોધન પર પ્રસન્ન થયેલા દુર્વાસામૂનિ દુર્યોધનને કહે છે કે, ‘‘હે દુર્યોધન તારી આ સેવાથી હું પ્રસન્ન‘‘થયો છું એ માટે હું તને એક વરદાન આપવા માંગુ છું. માટે તું વરદાન માંગ.’’‘‘આ તો હતો દુર્યોધન, તેને કોઈ સારું કામ તો મનમાં આવે જ નહીં. તેને થયું કે, કંઈક એવું વરદાન‘‘માંગુ કે જેથી પાંડવોને માટે સંકટ ઊભું થાય તેથી દુર્વાસામૂનિને પગે લાગી અને કહે છે, ‘‘મહારાજા, આપની‘‘જો મારા પર કૃપા જ હોય તો મને અવું વરદાન આપો કે, અહિંથી તમે સીધા પાંડવોને ત્યાં જજો અને તમારી‘‘સેવાનો લાભ દ્રૌપદીજીને પણ આપજો.’’ અને ત્યા પણ તમારા આ દસહજાર શિષ્યોને પણ સાથે લઈ જજો.‘‘અટલી મારા ઉપર કૃપા કરજો. એટલે સમજી લ્યો કે મને મારું વરદાન મળી ગયું.’’‘‘આ પ્રમાણે વરદાન માંગી દુર્વાસામૂનિના ક્રોધનો ભોગ પાંડવો બને તે હેતુ સાથે દુર્યોધને કહ્યું ત્યારે‘‘દુર્વાસામૂનિ કહે છે, ‘‘ભલે ત્યારે, વરદાન આપ્યું.’’‘‘પછી દૂર્યોધનને ત્યાંથી દુર્વાસામૂનિ નિકળી અને પાંડવોને ત્યાં જવા રવાના થયા અને પાંડવોને ત્યાં‘‘બરોબર તેવા સમયે પહોંચ્યા કે, પાંચે પાંડવો અને દ્રૌપદીજીએ તો ભોજન કરી લીધું હતું.‘‘તેમની પાસે એક અક્ષયપાત્ર હતું. તે અક્ષયપાત્રમાંથી જ્યાં સુધી દ્રૌપદીજી ન જમે ત્યાં સુધી જેટલા‘‘લોકો આવે તેટલા લોકો જમી જાય એવું વચન હતું. બાકી તેમની પાસે બીજું કાંઈ ધનધાન્ય તે સમયે ન હતું.‘‘દુર્વાસામૂનિ દ્રૌપદીજીને સંબોધીને કહે છે, ‘‘બેટા, હું મારા દસહજાર શિષ્યો સાથે તારે ત્યાં અતિથિ‘‘થઈને આવ્યું છું અને અમે સૌ સ્નાન કરીને આવીએ છીએ. પછી ભોજન તમારે ત્યાં લેશું.’’ કહી અને‘‘દુર્વાસામૂનિ તો નાહવા રવાના થઈ ગયા.‘‘બીજી બાજુ સૌથી વધુ દ્રૌપદીજી ગભરાયા તેમની આંખોમાં ઝરઝરીયા આવી ગયા. તેમને ખરા‘‘હૃદયથી શ્રી કૃષ્ણ ભગવાનને યાદ કર્યા. એટલે ભગવાન શ્રી કૃષ્ણ તો સાક્ષાત પરમાત્મા હતા. તે જાણી ગયા‘‘કે, દ્રૌપદીજી અને પાંડવો મોટી આફતમાં છે અને દુર્યોધને દુર્વાસામૂનિનો સાપ પાંડવોને લાગે એ માટે આ‘‘આયોજન કર્યું છે. એટલે દ્રૌપદીજીએ કરેલા સ્મરણથી ભગવાન શ્રી કૃષ્ણ ત્યાં પહોંચી ગયા અને પૂછ્યું, ‘‘કેમ‘‘દ્રૌપદીજી, તમે આજે ચિંતમાં છો ?’’‘‘દ્રૌપદીજીએ સઘળી હકિકત કહી સંભળાવી. એ સાંભળી અને ભગવાન શ્રી કૃષ્ણએ દ્રૌપદીજીને કહ્યું.‘‘‘‘તમે જેમાંથી ભોજન લ્યો છો તે અક્ષયપાત્ર લઈ આવોને...’’‘‘દ્રૌપદીજી અક્ષયપાત્ર લઈ આવ્યા તેમાં બરોબર જોયું તો એક ચોખાનો દાણો જોયો તે લઈ અને‘‘ભગવાન શ્રી કૃષ્ણએ તરત જ મોઢામાં મૂકી દીધો અને પછી તરત જ ઓડકાર ખાધો.‘‘આ બાજુ નાહી રહેલા દુર્વાસામૂનિ અને તેમના દસહજાર શિષ્યોના પેટ ભરાઈ ગયા. આથી દુર્વાસામૂનિ‘‘જાણી ગયા કે, જરૂર આ ભગવાન શ્રી કૃષ્ણની લીલા છે અને તે પાંડવો પાસે પહોંચી ગયા છે. માટે હવે ત્યાં‘‘જવામાં માલ નથી. એમ પરિસ્થિતિને પામી જઈ અને તે પાંડવોને ત્યાં ન જતાં પોતાના શિષ્યો સાથે બારોબાર‘‘પોતાના આશ્રમે જતાં રહ્યાં.‘‘ભગવાન શ્રી કૃષ્ણ કહે છે, ‘‘પાંડવો અને દ્રૌપદીજી, હવે તમે ચિંતા છોડી આરામ કરો. દુર્વાસામૂનિ‘‘અને તેમના શિષ્યો તો ક્યારનાય પોતાના આશ્રમે પહોંચી ગયા છે. આમ, કહી પાંડવોની ફરી એકવાર રક્ષા‘‘કરી અને ભગવાન શ્રી કૃષ્ણએ ત્યાંથી વિદાય લીધી.

**આજનું ભજન**

હરિ મારૂં મનડું મન મોહનમાં,
‘‘મને ગમતું નથી ભુવનમાં.
‘‘હરિ મારી પ્રિત પ્રભુ દર્શનમાં
‘‘મને ગમતું નથી ભુવનમાં.
‘‘હરવું ફરવું રમવું જમવું જુગવેવારે સંચરવું,
‘‘હરિ મને રૂચે નહીં જીવનમાં,
મને ગમતું નથી ભુવનમાં.
‘‘સગા સંબંધી સુત વીત નારી કડવા લાગે સહુ સંસારી,
‘‘હાંરે મારૂં અકળામણ બંધનમાં,
મને ગમતું નથી ભુવનમાં.
‘‘નીંદરડીમાં ઝબકી જાગી ચારે દિશાએ નિરખવા લાગી,
‘‘હાંરે નવ દેખું શ્યામ સદનમાં,
મને ગમતું નથી ભુવનમાં.
‘‘ભાગ્ય અમારા ક્યારે ઉગડશે ?
ક્યારે મળશે કૃષ્ણ કનૈયા ?
‘‘હાંરે એની તાલાવેલી તનમનમાં,
મને ગમતું નથી ભુવનમાં.‘‘
‘‘વલ્લભ’’ના સ્વામીને મળવા
મને ફરવું વન ઉપવનમાં,
‘‘હાંરે મારૂં મનડું મન મોહનમાં,
મને ગમતું નથી ભુવનમાં.‘‘

- સંકલન :

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

# "કાલ્પનિક અને ઉપજાવી કાઢેલી વાર્તા" : હાઈકોર્ટે તહેલકાના "પર્દાફાશ" અંગે કહ્યું : સેનાના અધિકારીને રૂા.૨ કરોડ ચૂકવવા આદેશ આપ્યા

નવી દિલ્હી, તા.૨૬

દિલ્હી હાઈકોર્ટે તહેલકાના ૨૦૦૧ના સ્ટિંગ ઓપરેશન, 'ઓપરેશન વેસ્ટ એન્ડ' કેસમાં, જણાવ્યું હતું કે અબ્રાહમ લિંકને કહ્યું હતું કે, નિંદા સામે સત્યને શ્રેષ્ઠ સમર્થન માનવામાં આવે છે. તેમ છતાં, સત્યમાં પ્રતિષ્ઠા પુર્નઃસ્થાપિત કરવાની શક્તિનો અભાવ હોય છે. નિરાશાજનક વાસ્તવિકતા એ છે કે જતી રહેલી સંપત્તિ પાછી મેળવી શકાય છે; જો કે, કોઈ ડાઘ લાગે અથવા તો પ્રતિષ્ઠાને હાનિ થાય તો તે વ્યક્તિઓ પાછી મેળવવી મુશ્કેલ હોય છે. તહેલકાના ૨૦૦૧ના સ્ટિંગ ઓપરેશન, 'ઓપરેશન વેસ્ટ એન્ડ' માં, મેજર જનરલ અહલુવાલિયા, જેઓ તે સમયે આર્મી હેડક્વાર્ટરમાં ફરજ બજાવતા હતા, તેમના ઉપર ભ્રષ્ટ અધિકારી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અહલુવાલિયાએ ૨૦૦૨માં દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો અને દલીલ કરી કે લાંચ અને વ્હિસ્કીની માંગણીના આરોપોએ તેમની છબી અને પ્રતિષ્ઠાને નુકસાન કરે છે. તહેલકા, તેના એડિટર-ઈન-ચીફ અને તેના રિપોર્ટરો સામે કાર્યવાહી કરવામાં આવી હતી, પરંતુ ઝી ટેલિફિલ્મ્સ અને તેના અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી જેમણે તેમની ચેનલો ઉપર આ અહેવાલ પ્રસારિત કર્યો હતો. બે દાયકા પછી એક આદેશમાં, અદાલતે તહેલકા અને તેના પત્રકારો સામેના તેમના કેસના સંદર્ભમાં આહલુવાલિયા સાથે સહમત થતાં કહ્યું કે, લાંચની માગણીઓ ધરાવતી ટ્રાન્સક્રિપ્ટના ભાગ એ અધિકૃત નથી, અને આહલુવાલિયાએ આવું ક્યારેય કહ્યું ન હતું. કોર્ટે કહ્યું કે ભ્રષ્ટાચારના આરોપ એ તહેલકાના પત્રકારની "કલ્પના સાથે ઉપજાવી કાઢેલી વાત" છે. ટ્રાન્સક્રિપ્ટ એ તથ્યો દ્વારા સમર્થિત નથી અને આવી સંપાદકીય ટિપ્પણીઓના રેકોર્ડિંગ સાથે છેડછાડ કરવામાં આવી હતી, અને તેથી ભ્રષ્ટાચારનો કોઈ કેસ નથી. હાઈકોર્ટના જસ્ટિસ નીના બંસલે ન્યૂઝ પ્લેટફોર્મ તહેલકા, તેના તત્કાલીન એડિટર-ઈન-ચીફ તરૂણ તેજપાલ અને પત્રકારો અનિરૂદ્ધ બહલ અને મેથ્યુ સેમ્યુઅલને આહલુવાલિયાની બદનક્ષીનું કારણ બનેલા આવા "અવિચારી રિપોર્ટિંગ"ને કારણે રૂા. ૨ કરોડનું નુકસાન ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે, કોર્ટને ઝી અને તેની સંબંધિત સંસ્થાઓ સામે કોઈ કેસ મળ્યો ન હતો, કારણ કે વાદીનો કેસ તહેલકાની ક્રિયાઓ સુધી મર્યાદિત હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે ઝીને માનહાનિ માટે જવાબદાર ઠેરવી શકાય નહીં. 'ઓપરેશન વેસ્ટ એન્ડ' એ પત્રકારો બહલ અને સેમ્યુઅલ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું જેમણે પોતાને એક કાલ્પનિક લંડન સ્થિત સંરક્ષણ ઉત્પાદન પેઢીના પ્રતિનિધિ તરીકે રજૂ કર્યા હતા. તહેલકાએ વિડિયો અને 'ડૉક્ટરેડ ટ્રાંસ્ક્રિપ્ટ્સ'નું પ્રસારણ કર્યું હતું જે દર્શાવે છે કે લંડનની ફર્મ (વેસ્ટ એન્ડ) ભારતીય સેનામાં કથિત સંરક્ષણ ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરીને સત્તાના હોદ્દા ઉપર રહેલા મધ્યસ્થીઓનો ઉપયોગ કરી રહી છે. આવા એક ટ્રાન્સક્રિપ્ટમાં લેખિતમાં નોંધવામાં આવ્યું છે કે અહલુવાલિયાને ૫૦,૦૦૦ રૂપિયાની લાંચ આપવામાં આવી હતી. હાઈકોર્ટ સમક્ષ અહલુવાલિયાએ દલીલ કરી હતી કે આ આરોપો "ખોટા અને પ્રેરિત" હતા. તેમણે કહ્યું કે આ અહેવાલો તેમના ચારિત્ર્ય અને પ્રતિષ્ઠા ઉપર શંકા વ્યક્ત કરે છે, અને તેઓ તથ્યોની ખાતરી કર્યા વિના જાણીજોઈને પ્રકાશિત કરવામાં આવ્યા હતા. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ રિપોર્ટ્સ "ડોક્ટરેડ" કરવામાં આવ્યા હતા. ન્યાયમૂર્તિ બંસલે નોંધ્યું હતું કે અહેવાલોથી અહલુવાલિયાને નુકસાન થયું હતું અને તેના માટે માફી માગવી અપૂરતી અને અર્થહીન છે. વાદીની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે તે લોકોની નજરમાં બદનામ થયા છે અને ભ્રષ્ટાચારના ગંભીર આરોપોથી તેના પદને પણ બદનામ કરવામાં આવ્યું છે. જસ્ટિસ બંસલે નોંધ્યું હતું કે અહલુવાલિયા પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા, તેઓ આર્મીમાં મેજર જનરલના હોદ્દા ઉપર હતા અને ટ્રાન્સક્રિપ્ટને કારણે તેમની ભારે બદનામી થઈ હતી, જેમણે "પ્રતિવાદીના તમામ પ્રયત્નો છતાં" લાંચ સ્વીકારી ન હતી. કોર્ટે નોંધ્યું હતું કે કથિત ટેપમાં બહલ દ્વારા ઉમેરવામાં આવેલી સંપાદકીય ટિપ્પણીઓ અધિકૃત ન હતી પરંતુ તેઓ અહલુવાલિયાને મળ્યા હતા તેવા અન્ય રિપોર્ટર સેમ્યુઅલની માત્ર કાલ્પનિક ઉપજાવી કાઢેલી વાત હતી. કથિત ભ્રષ્ટાચાર ડોક્ટરેડ ટ્રાન્સક્રિપ્ટ ઉપર આધારિત હોવાથી, મેજર જનરલ સામે ભ્રષ્ટાચારનો કોઈ કેસ નથી. જસ્ટિસ બંસલે તહેલકાની એ દલીલને પણ નકારી કાઢી હતી કે વિશ્વભરમાં સંરક્ષણમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવા માટે 'ઓપરેશન વેસ્ટ એન્ડ' 'લોકોના હિત' સાથે હાથ ધરવામાં આવ્યું હતું. ધ્યેય અને ઉદ્દેશ્ય જાહેર હિતમાં હોઈ શકે છે, પરંતુ તે સામાન્ય લોકોમાં સનસનાટી ફેલાવવા માટે વાદીને ખોટા નિવેદનો બનાવવા અથવા બદનામ કરવાનો કોઈ પણ એજન્સીને અધિકાર નથી.

## બદનક્ષીના કેસમાં તરૂણ તેજપાલ, તહેલકાને આર્મી ઓફિસરને રૂા. ૨ કરોડ ચૂકવવા હુકમ

દિલ્હી હાઈકોર્ટે સંરક્ષણ પ્રાપ્તિમાં ભ્રષ્ટાચારમાં સંડોવણીના આરોપમાં ૨૦૦૧ના "એક્સપોઝ"ને કારણે ભારતીય સેનાના અધિકારીની બદનામી કરવા અને તેમની પ્રતિષ્ઠાને નુકસાન કરવા બદલ રૂા. ૨ કરોડ ચૂકવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે ૨૩ વર્ષ પછી માફી માંગવી "અપૂરતી અને અર્થહીન" છે. સંરક્ષણ ખરીદીમાં ભ્રષ્ટાચારમાં સંડોવણીના આરોપમાં, એક ન્યૂઝ પોર્ટલ દ્વારા ૨૦૦૧ના "ખુલાસા"ને કારણે ભારતીય સૈન્યના અધિકારીને પ્રતિષ્ઠા ગુમાવવા બદલ દિલ્હી હાઈકોર્ટે તેઓને રૂા.૨ કરોડ ચૂકવવા આદેશ આપ્યો છે. જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ શુક્રવારે મેજર જનરલ એમ.એસ.અહલુવાલિયાના મુકદમાનો નિર્ણય લેતા નિર્દેશ આપ્યો હતો કે આ રકમ તહેલકા.કોમ, તેના માલિક મેસર્સ બફેલો કોમ્યુનિકેશન્સ, તેના માલિક તરૂણ તેજપાલ અને બે પત્રકારો અનિરૂદ્ધ બહલ અને મેથ્યુ સેમ્યુઅલ દ્વારા ચૂકવવામાં આવશે. એક પ્રામાણિક આર્મી ઓફિસરની પ્રતિષ્ઠાને ગંભીર નુકસાન પહોંચાડવાનો આનાથી વધુ ગંભીર કેસ ન હોઈ શકે. ન્યાયાધીશે નોંધ્યું કે ૨૩ વર્ષના પ્રકાશન પછી માફી માંગવી "માત્ર અપૂરતી જ નહીં પણ અર્થહીન છે". કોર્ટે કહ્યું હતું કે વાદી ઝી ટેલિફિલ્મ લિમિટેડ અને તેના અધિકારીઓ તરફથી ન્યૂઝ પોર્ટલ સાથેની ગોઠવણ બાદ વિવાદાસ્પદ વાર્તાનું પ્રસારણ કરીને બદનક્ષીનું કોઈ કાર્ય સાબિત કરી શક્યા નથી. અબ્રાહમ લિંકને કહ્યું હતું કે, નિંદા સામે સત્યને શ્રેષ્ઠ સમર્થન માનવામાં આવે છે. તેમ છતાં, સત્યમાં પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવાની શક્તિનો અભાવ હોય છે. નિરાશાજનક વાસ્તવિકતા એ છે કે જતી રહેલી સંપત્તિ પાછી મેળવી શકાય છે; જો કે, કોઈ ડાઘ લાગે અથવા તો પ્રતિષ્ઠાને હાનિ થાય તો તે વ્યક્તિઓ પછી મેળવવી મુશ્કેલ હોય છે. આ તારણોને ધ્યાનમાં રાખીને, પ્રતિવાદી નંબર પથી ૭ સામે દાવો કાઢી નાખવામાં આવે છે, અને ૨,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા બે કરોડ) ની રકમ આ નુકસાન માટે વાદીને પ્રતિવાદી દ્વારા ચૂકવવામાં આવે. ૧૩ માર્ચ, ૨૦૦૧ના રોજ, ન્યૂઝ પોર્ટલે નવા સંરક્ષણ સાધનોની આયાતને લગતા સંરક્ષણ સોદાઓમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ કરતી વાર્તા પ્રસારિત કરી હતી. વકીલ ચેતન આનંદ દ્વારા વાદીએ દાવો કર્યો હતો કે "ઓપરેશન વેસ્ટ એન્ડ" વાર્તામાં તેમને બદનામ કરવામાં આવ્યો હતો કારણ કે તે ખોટી રીતે પ્રસારિત કરવામાં આવી હતી અને તેમણે લાંચ સ્વીકારી હોવાની માહિતી આપવામાં આવી હતી. ૪૮ પાનાના ચુકાદામાં, કોર્ટે પ્રતિવાદીઓ દ્વારા કરવામાં આવેલ "સત્ય", "જાહેર હિત" અને "સદ્‌ભાવના"ના બચાવને નકારી કાઢ્યો અને કહ્યું કે પ્રામાણિક વ્યક્તિ માટે તેની માંગણી અને પછી રૂા. ૫૦,૦૦૦ની લાંચ સ્વીકારવામાં આવી હોવાના ખોટા આરોપ કરતાં વધુ ખરાબ બદનક્ષી ન હોઈ શકે.

# ૧૨ મહિનાથી વધુ સમય સુધી સ્તનપાન કરનારા તરૂણોના શિક્ષણમાં વધુ સારૂં પ્રદર્શન જોવા મળે છે

(એજન્સી) તા.૨૬

જર્નલ આર્કાઈવ્સ ઓફ ડિસીઝ ઇન ચાઈલ્ડહુડમાં પ્રકાશિત થયેલા તાજેતરના અભ્યાસમાં લાંબા સમય સુધી સ્તનપાન કરવાના અને કિશોરાવસ્થા દરમ્યાન બહેતર શૈક્ષણિક પ્રદર્શન વચ્ચે સંભવિત જોડાણ જાહેર થયું છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધકો દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે જે બાળકો લાંબા સમયસુધી સ્તનપાન કરતા હતા તેઓ ૧૬ વર્ષની ઉંમરે તેમની શાળાની જનરલ સર્ટિફિકેટ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (GCSE) પરીક્ષામાં સ્તનપાન ન કરતા બાળકો કરતાં આગળ હતા. આ સકારાત્મક સંબંધ સામાજિક-આર્થિક સ્થિતિ અને પાલકની સ્થિતિ જેવા પરિબળોને ધ્યાનમાં લીધા પછી પણ જળવાઈ રહ્યો હતો. સંશોધન ટીમે મિલેનિયમ કોહોર્ટ સ્ટડીના ડેટાનું વિશ્લેષણ કર્યું, જે ૨૦૦૦ અને ૨૦૦૨ની વચ્ચે યુકેમાં જન્મેલા ૧૮,૮૧૮ બાળકોનું છે, તેમને ૩, ૫, ૭, ૧૧, ૧૪, ૧૭ અને ૨૨ વર્ષની વયે ટ્રેક કરે છે. આ ડેટાને રાષ્ટ્રીય વિદ્યાર્થીઓની શાળાઓમાં, અંગ્રેજી વિદ્યાર્થીઓના લાંબા ગાળાના વિદ્યાર્થીઓના રેકોર્ડ સાથે ક્રોસ-રેફરન્સ આપવામાં આવ્યો હતો. અભ્યાસમાં ઈંગ્લેન્ડના ૧૬ વર્ષની વય સુધીના ૪,૯૪૦ સહભાગીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું અને તેમણે એટેઈનમેન્ટ ૮ સ્કોર સહિત અંગ્રેજી અને ગણિતમાં તેમના GCSE પરિણામોની તપાસ કરી હતી. લગભગ ૩૨.૮% સહભાગીઓને ક્યારેય સ્તનપાન કરાવ્યું ન હતું, જ્યારે માત્ર ૯.૫% જ ઓછામાં ઓછા ૧૨ મહિના સુધી સ્તનપાન કરતા હતા. પરિણામોનું વિશ્લેષણ દર્શાવે છે કે લાંબા સમય સુધી સ્તનપાનનો સમયગાળો વધુ સારા શૈક્ષણિક પરિણામો સાથે સંકળાયેલો હતો. ખાસ કરીને, જેઓએ ક્યારેય સ્તનપાન કરાવ્યું ન હતું તેવા ૪૧.૭% બાળકોની સરખામણીમાં, ઓછામાં ઓછા ૧૨ મહિના સુધી સ્તનપાન કરાવતા માત્ર ૧૯.૨% બાળકો તેમના અંગ્રેજી GCSEમાં નિષ્ફળ ગયા. વધુમાં, ઓછામાં ઓછા ૧૨ મહિના સુધી સ્તનપાન કરાવનારાઓમાંથી ૨૮.૫% લોકોએ અંગ્રેજીમાં ઉચ્ચ પાસ ગ્રેડ હાંસલ કર્યા છે, જ્યારે સ્તનપાન ન કરાવેલ બાળકોમાં આ ટકાવારી ૯.૬% છે. ગણિતના GCSE પરિણામોમાં સમાન વલણો જોવા મળ્યા હતા, જેમાં ઓછામાં ઓછા ૧૨ મહિના સુધી સ્તનપાન કરતા બાળકોએ ક્યારેય સ્તનપાન કરાવ્યું ન હતું તેની સરખામણીમાં ઉચ્ચ સિદ્ધિ અને નિષ્ફળતાના ઓછા દર દર્શાવે છે. વિવિધ પરિબળો ઉપર નિયંત્રણ કર્યા પછી, એસોસિએશને જાહેર કર્યું કે જે બાળકો ઓછામાં ઓછા ૧૨ મહિના સુધી સ્તનપાન કરતા હતા તેઓ બંને પરીક્ષાઓમાં ઉચ્ચ પાસ ગ્રેડ હાંસલ કરવાની શક્યતા ૩૯% વધુ હતી અને અંગ્રેજી પરીક્ષામાં નાપાસ થવાની સંભાવના ૨૫% ઓછી હતી. વધુમાં, જેઓ લાંબા સમય સુધી સ્તનપાન કરતા હતા તેઓએ તેમના GCSEsમાં વધુ સારૂં એકંદર પ્રદર્શન દર્શાવ્યું હતું, જે તેમના ઉચ્ચ પ્રાપ્તિ ૮ સ્કોર્સ દ્વારા દર્શાવે છે. જો કે અભ્યાસમાં કેટલીક મર્યાદાઓ સ્વીકારવામાં આવી હતી. નોંધનીય રીતે, ડેટા લિંકિંગ સમસ્યાઓ અને અમુક પ્રભાવિત પરિબળોની ગેરહાજરીએ પરિણામોને અસર કરી હશે. સંશોધકોએ સામાજિક-આર્થિક સંજોગો અને માતૃત્વ માટે વ્યાપકપણે ભવિષ્યના અભ્યાસની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.



# ડોક્ટર બનવું વધારે મોંઘુ થયું : મેડિકલ કોલેજની ફીમાં થયેલો અસહ્ય વધારો

અમદાવાદ, તા.૨૬

ભણીગણીને ડોક્ટર બનવું સહેલી વાત નથી, પરંતુ જે વિદ્યાર્થીઓ મેડિકલનો અભ્યાસ કરી રહ્યા છે અને જે વિદ્યાર્થીઓ મેડિકલનો અભ્યાસ કરીને ડોક્ટર બનવા માંગે છે તેમણે આ સમાચાર જાણવા જરૂર છે. મેડિકલના અભ્યાસ માટે સરકારી ક્વોટામાં ૬૭ ટકા વધારો કરી દેવામાં આવ્યો છે જ્યારે મેનેજમેન્ટ ક્વોટાની ફી ૮૮% વધી છે. મેડિકલ કોલેજની ફીમાં થયેલો અસહ્ય વધારાના કારણે વાલીઓએ સોશિયલ મીડિયા ઉપર બળાપો ઠાલવ્યો છે. મેડિકલ કોલજની ફી વધતા વાલીઓમાં રોષ જોવા મળી રહ્યો છે, ફી ઘટાડા અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરવામાં આવી છે. જીએમઈઆરએસની ૧૩ કોલેજોમાં ફી વધારો કરવામાં આવ્યો છે. સરકારી ક્વોટામાં જે ફી ૩.૩૦ લાખ રૂપિયા હતી તેમાં ૬૭ ટકાનો વધારો થયો છે. એટલે કે હવે ૫.૫૦ લાખ ફી ચૂકવવી પડશે. જ્યારે મેનેજમેન્ટ કોટાની ફી ૮૮% વધારીને ૯.૩૦ લાખ રૂપિયા હતી તે સીધી ૧૭ લાખ કરવામાં આવી છે. આ કારણે વાલીઓમાં રોશ જોવા મળ્યો છે. એફઆરસી ના નિયમ મુજબ ૧૦થી ૧૫ ટકા ફી વધે તે યોગ્ય છે, પરંતુ એપીપી મોડેલથી ચાલતી કોલેજોમાં ૮૮% સુધીની ફી વધારો ચલાવી ન લેવાય જેને લઈને વાલીઓએ સોશિયલ મીડિયા ઉપર આંદોલન શરૂ કર્યું છે. ફી ઘટાડાની માંગ કરવામાં આવી છે કે ફી વધારાથી મધ્યમ વર્ગના ૨૦૦૦ વિદ્યાર્થીઓનું સ્વપ્ન રોળાઈ જશે. એજ્યુકેશન નિષ્ણાત ડૉ.ઉમેશ ગુર્જર જણાવે છે કે, રાજ્યની મેડિકલની કુલ ૨૧ બેઠકો છે જેમાંથી ૧૫૦૦ બેઠકો ગવર્મેન્ટ ક્વોટાની છે. જેની ફીમાં ૬૭ ટકાનો વધારો કરી દેવાયો છે, મેનેજમેન્ટ ક્વોટાની બેઠકમાં ફીમાં ૮૮ ટકા વધારી દેવાઈ છે. વાલીઓ જણાવે છે કે આ પ્રકારે ફી વધારો કરી શકાય નહીં. ધોરણ ૧૨થી વિદ્યાર્થી બી ગ્રુપ પસંદ કરે ત્યારથી તેને ખબર હોવી જોઈએ કે ડોક્ટર બનવા તેમણે આટલી ફી ભરવી પડશે. એકાએક આ રીતે મોટો વધારો કરી દેવો યોગ્ય નથી.

# મમતા બેનરજીએ મનરેગાને અનુરૂપ ખેલા હોબે નામની યોજનાની ઘોષણા કરી


કોલકાતા, તા.૨૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ૨૧ જુલાઈના રોજ ઘોષણા કરી હતી કે તેમની સરકાર મનરેગાને અનુરૂપ ગરીબોને કામ પૂરૂ પાડવા માટે એક યોજના બનાવી રહી છે. જેના માટે તેમણે દાવો કર્યો હતો કે તે ભંડોળ કેન્દ્ર દ્વારા અટકાવવામાં આવ્યું હતું. કોલકાતામાં એક રેલીને સંબોધતા, બેનરજીએ કહ્યું કે આ યોજનાને ખેલા હોબે (ગેમ ઓન) નામ આપવામાં આવશે જે ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી દરમ્યાન તેમની પાર્ટી ટીએમસીનું સૂત્ર હતું. મનરેગા યોજનામાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય હોવા છતાં, કેન્દ્રએ ઈર્ષ્યા અને બદલાની રાજનીતિથી ભંડોળ અટકાવી દીધું છે. અમે અમારી લડાઈને દિલ્હી લઈ જઈશું, અને ૨ ઓક્ટોબરે ગાંધી જયંતિ છે. અમે અમારી માંગણીઓ માટે દબાણ કરવા માટે દિલ્હીમાં ધરણા કરીશું, તેણીએ કહ્યું. અમે અમારી પોતાની ૧૦૦-દિવસની જોબ સ્કીમ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છીએ અને તેને 'ખેલા હોબે' નામ આપવામાં આવશે. પશ્ચિમ બંગાળ સરકાર હંમેશા ગરીબો માટે ઊભી રહે છે અને અમે તેમના માટે રોજગારીનું સર્જન કરીશું, તેણીએ ઉમેર્યું. ટીએમસી ૧૬ ઓગસ્ટને ખેલા હોબે દિવસ તરીકે પણ ઉજવે છે જે દરમ્યાન રાજ્યભરમાં વિવિધ રમત ગમતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. પંચાયત ચૂંટણીમાં જીત માટે તેમના સમર્થકોને અભિનંદન આપતાં બેનરજીએ કહ્યું હતું કે હિંસાની કેટલીક અલગ-અલગ ઘટનાઓને કારણે રાજ્યની છબી ખરાબ થઈ રહી છે. દરેક મૃત્યુ દુઃખદ છે. અમે ક્યારેય કોઈપણ સ્વરૂપમાં હિંસાને સમર્થન આપ્યું નથી અને પંચાયત ચૂંટણી દરમ્યાન નોંધાયેલા દરેક કેસમાં પોલીસે કાર્યવાહી કરી છે.

# સમગ્ર ભારતમાં વર્તમાન ધારાસભ્યો પૈકી ૪૪% ઉપર ફોજદારી કેસ છે : ADR રિપોર્ટમાં ખુલાસો

કોલકાતા, તા.૨૬

એસોસિયેશન ઑફ ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા બહાર પાડવામાં આવેલ એક નવા અહેવાલ મુજબ, દેશભરમાં દરેક રાજયોના લગભગ ૪૪% વર્તમાન ધારાસભ્યો સામે ફોજદારી કેસો ચાલી રહ્યા છે. ૨૮% ઉપર ખૂન, હત્યાનો પ્રયાસ, મહિલાઓ વિરૂધ્ધ અપરાધો સહિતના ગંભીર ગુનાહિત કેસો છે. આ વિશ્લેષણ વર્તમાન ધારાસભ્યોએ તેમની છેલ્લી ચૂંટણી લડતા પહેલા દાખલ કરેલા સોગંદનામા ઉપર આધારિત છે. આ અહેવાલ દર્શાવે છે કે સમગ્ર રાજયની વિધાનસભાઓમાં વિશ્લેષણ કરાયેલા ૪,૦૦૧ ધારાસભ્યોમાંથી ૧,૭૭૭ (૪૪%)એ તેમની સામે ફોજદારી કેસ જાહેર કર્યા છે. ૧,૧૩૬ અથવા ૨૮% જેટલા લોકોએ તેમની સામે "ગંભીર ફોજદારી કેસ" જાહેર કર્યા છે. ભારતીય દંડ સંહિતા (IPC) 'ગંભીર' ફોજદારી કેસને વ્યાખ્યાયિત કરતું નથી, ત્યારે ADRએ હત્યા, હત્યાનો પ્રયાસ, અપહરણ, મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ વગેરે જેવા ગુનાઓના કથિત કેસોને ધ્યાનમાં લે છે. ઓછામાં ઓછા ૪૭ ધારાસભ્યો ઉપર આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ હત્યા સંબંધિત કેસ છે. ૧૮૧ જેટલા ધારાસભ્યો પર આઈપીસીની કલમ ૩૦૭ હેઠળ હત્યાના પ્રયાસના કેસ છે. આ રિપોર્ટ અનુસાર, ૧૧૪ ધારાસભ્યો પર મહિલાઓ વિરૂધ્ધ અપરાધો સંબંધિત કેસ છે, જેમાંથી ૧૪ ધારાસભ્યો ઉપર IPC કલમ ૩૭૬ હેઠળ બળાત્કાર સંબંધિત કેસ છે. વિધાનસભાઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ધારાસભ્યોની સંખ્યા ૪,૦૦૧ છે. ૧,૭૭૭ ધારાસભ્યો ઉપર ફોજદારી કેસ છે. ગંભીર ફોજદારી કેસ ધરાવતા ધારાસભ્યોની સંખ્યા ૧,૧૩૬ છે. હત્યાના કેસના ધારાસભ્યોએ ૪૭ છે. ૧૮૧ ધારાસભ્યો ઉપર હત્યાના પ્રયાસના કેસ છે. મહિલા વિરૂધ્ધ ગુનાઆધ્ સાથે સંકળાયેલા ધારાસભ્યો ૧૧૪ છે અને બળાત્કાર સંબંધિત કેસના ૧૪ ધારાસભ્યો છે. ફોજદારી કેસ ધરાવતા ધારાસભ્યોની સૌથી વધુ ટકાવારી ધરાવતા રાજ્યોમાં કેરળ સૌથી આગળ છે. કેરળ તેના ૧૩૫ ધારાસભ્યોમાંથી ૯૫ (૭૫%) વિરૂદ્ધ ફોજદારી કેસ સાથે યાદીમાં સૌથી આગળ છે. આ પછી બિહારના ૨૪૨ ધારાસભ્યોમાંથી ૧૬૧ (૬૭%) વિરૂદ્ધ ફોજદારી કેસ છે. દિલ્હીના ૭૦ ધારાસભ્યોમાંથી ૪૪ (૬૩%) સામે ફોજદારી કેસ છે. આ યાદીમાં ૨૮૪માંથી ૧૭૫ ધારાસભ્યો (૬૨%) સાથે મહારાષ્ટ્ર બીજા ક્રમે આવે છે; તેલંગાણા તેના ૧૧૮માંથી ૭૨ ધારાસભ્યો (૬૧%); અને તામિલનાડુમાં ૨૨૪માંથી ૧૩૪ ધારાસભ્યો (૬૦%)ની સામે ફોજદારી કેસ છે. ગંભીર ગુનાહિત કેસ ધરાવતા ધારાસભ્યોની સૌથી વધુ ટકાવારી માટે દિલ્હી ટોચ ઉપર છે. દિલ્હીના ૭૦ ધારાસભ્યોમાંથી ૩૭ (૫૩%)ની સામે ગંભીર ફોજદારી કેસ છે, ત્યારબાદ બિહારના ૨૪૨ ધારાસભ્યોમાંથી ૧૨૨ (૫૦%) વિરૂદ્ધ આવા કેસ છે. મહારાષ્ટ્રમાં ૨૮૪માંથી ૧૧૪ ધારાસભ્યો (૪૦%), ઝારખંડમાં ૭૯માંથી ૩૧ ધારાસભ્યો (૩૯%), તેલંગાણામાં ૧૧૮માંથી ૪૬ ધારાસભ્યો (૩૯%) અને ઉત્તરપ્રદેશમાં ૪૦૩માંથી ૧૫૫ ધારાસભ્યો (૩૮%) આ યાદીમાં છે. તેમના સ્વ-સોગંદનામામાં તેઓએ પોતાની સામે આ ગંભીર ફોજદારી કેસો જાહેર કર્યા છે. પક્ષ મુજબનું વિશ્લેષણ આ ધારાસભ્યોના પક્ષ મુજબના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે કોંગ્રેસના ૪૬% ધારાસભ્યો પર ફોજદારી કેસ છે જ્યારે ૨૭% વિરૂદ્ધ ગંભીર ફોજદારી કેસ છે. ભારતીય જનતા પાર્ટીની સ્થિતિ થોડી સારી હોવાનું જાણવા મળ્યું છે અને તેના ૩૫% ધારાસભ્યો ઉપર ફોજદારી કેસ છે જ્યારે ૨૫% વિરૂદ્ધ ગંભીર ફોજદારી કેસ છે. આ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ૧૪ પક્ષોના તમામ ધારાસભ્યો સામે ફોજદારી કેસ છે. આ પક્ષોમાં સ્વાભિમાની પક્ષ, ભારતની ક્રાંતિકારી માર્ક્સવાદી પાર્ટી, રાષ્ટ્રીય સમાજ પક્ષ, મહારાષ્ટ્ર નવ નિર્માણ સેના, કેરળ કોંગ્રેસ (જેકબ), કલ્યાણ રાજ્ય પ્રગતિ પક્ષ, જનધિપત્ય કેરળ કોંગ્રેસ, ઈન્ડિયન નેશનલ લોકદળ, હરિયાણા લોકહિત પાર્ટી, ગોવા ફોરવર્ડ પાર્ટી, કોંગ્રેસ (સેક્યુલર પાર્ટી), કોંગ્રેસ, જનસત્તા દળ (લોકતાંત્રિક), પ્રહાર ક્શાક્યુલર પાર્ટીનો સમાવેશ થાય છે. આ યાદીમાં ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીનના ૯૦% ધારાસભ્યો વિરૂદ્ધ ફોજદારી કેસ છે. ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના ૮૬% ધારાસભ્યો ફોજદારી કેસો છે, ત્યારબાદ કોમ્યુનિસ્ટ પાર્ટીર ઓફ ઈન્ડિયા (માર્કસિસ્ટ-લેનિનિસ્ટ) લિબરેશન (૮૫%), રાષ્ટ્રીય લોક દળ અને પટ્ટલી મક્કલકાચી (૮૦%) છે. મોટા પ્રાદેશિક પક્ષોની દ્રષ્ટિએ, દ્રવિડ મુન્નેત્ર કઝગમના ૭૬% ધારાસભ્યો ઉપર ફોજદારી છે, રાષ્ટ્રીય જનતા દળ (૭૪%), કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી) (૭૦%), સમાજવાદી પાર્ટી (૬૪%), આમ આદમી પાર્ટી (૫૮%), YSR કોંગ્રેસ પાર્ટી (૫૭%), તેલંગણા રાષ્ટ્રસમિતિ (હવે ભારત રાષ્ટ્ર સમિતિ તરીકે ઓળખાય છે) (૫૪%), રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ૫૨%, જનતા દળ (યુનાઈટેડ) ૪૩%, અને તૃણમૂલ કોંગ્રેસ (૪૨%) આ યાદીમાં છે.



**કરોડપતિ ધારાસભ્યોની સંખ્યા**

રિપોર્ટમાં રાજયની વિધાનસભાઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ ૪,૦૦૧ ધારાસભ્યોની નાણાકીય પૃષ્ઠભૂમિનું પણ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ રિપોર્ટ અનુસાર, ૪,૦૦૧ રાજકારણીઓમાંથી ૮૮ ધારાસભ્યો અથવા ૨% અબજોપતિ છે. રાજયની વિધાનસભાઓમાં પ્રતિ ધારાસભ્યની સરેરાશ સંપત્તિ ૧૩.૬૩ કરોડ રૂપિયા છે. રિપોર્ટમાં એ પણ જાણવા મળ્યું છે કે ફોજદારી કેસ ધરાવતા ધારાસભ્યો પાસે ગુનાહિત ન હોય તેવા ધારાસભ્યો કરતાં વધુ સંપત્તિ છે. ફોજદારી કેસ ધરાવતા ધારાસભ્યોની સરેરાશ સંપત્તિ ૧૬.૩૬ કરોડ રૂપિયા છે, અને ફોજદારી કેસ ન હોય તેવા ધારાસભ્યોની સરેરાશ સંપત્તિ ૧૧.૪૫ કરોડ રૂપિયા છે. કર્ણાટક પ્રતિ ધારાસભ્યની ૬૪.૩૯ કરોડની સરેરાશ અસ્કયામતો સાથે, તે સૌથી વધુ સરેરાશ અસ્કયામતો છે, આંધ્રપ્રદેશ રૂા.૨૮.૨૪ કરોડની સરેરાશ અસ્કયામતો સાથે અને મહારાષ્ટ્ર રૂા. ૨૩.૫૧ કરોડની સરેરાશ સંપત્તિ સાથે આગામી ક્રમે છે. કર્ણાટક સૌથી વધુ અબજોપતિ ધારાસભ્યોની ૧૪% ટકાવારી સાથે રાજ્યોમાં આગળ છે. તે પછી અરૂણાચલ પ્રદેશ (૭%), આંધ્રપ્રદેશ (૬%), મહારાષ્ટ્ર (૪%) અનેર હિમાચલ પ્રદેશ, ગુજરાત અને મધ્ય પ્રદેશ (૩%) છે.

# ગીર સોમનાથ પંથકના અસરગ્રસ્તોની વ્હારે આવતું જીલ્લા વહીવટી તંત્ર, પશુઓ માટે ઘાસચારાથી લઈ અસરગ્રસ્તો માટે આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવાઈ

## જીલ્લા મથકના શહેર ઉપર કલેકટર ધ્યાન આપી કામગીરી કરાવે તેવી શહેરીજનોમાંથી માંગ ઉઠી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૬

ગીર સોમનાથ જિલ્લામાં વરસેલા ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાયું છે ત્યારે જિલ્લા કલેકટર એચ.કે. વઢવાણિયાના માર્ગદર્શનમાં અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોમાં જિલ્લા વહીવટીતંત્રના કર્મચારીઓ રાત-દિવસ જોયા વગર ઘાસચારા વિતરણથી લઈ જરૂરિયાતમંદ લોકો માટે ભોજન અને અસરગ્રસ્ત વિસ્તારોમાં દર્દીઓ માટે આરોગ્ય સેવા ઘર આંગણે પહોંચાડી રહ્યા છે. જેમાં વધુ વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં અસરગ્રસ્ત લોકો માટે તાલાલા લોહાણા મહાજન વંડીમાં આશ્રય સહિત સુવિધાઓ ગોઠવવામાં આવી છે. સોનારિયા ગામે ૫૦૦ કરતા વધુ લોકો માટે ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. ઉપરાંત તાલાલાના નરસીટેકરી વિસ્તારમાં મેડિકલ કેમ્પ યોજાયેલ જેમાં ૩૨ દર્દીઓની સ્થળ ઉપર જ તપાસ અને સારવાર કરાઈ હતી. આ વિસ્તારના ૧૪૨ ઘરો તેમજ રમરેચી ગ્રામ પંચાયત હેઠળના મેમણ કોલોનીના ૧૧૬૮ જેટલા ઘરોનું હાઉસ ટુ હાઉસ સર્વે કરી ત્રણ હજારથી વધુ કલોરિન ટેબ્લેટનું પણ વિતરણ કરાયુહતુ. હજુ પણ જુદા જુદા વિસ્તારોમાં આરોગ્યલક્ષી આઉટરિચ કેમ્પ યોજી સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે તેમજ પીવાના પાણીનીપણ કોઈ સમસ્યા ન રહે એ દિશામાં કાર્ય થઈ રહ્યું છે. તાલાલા-૨ સબ ડિવિઝન હેઠળના ૨૨ અસરગ્રસ્ત ગામોમાં તેમજ આંકોલવાડી સબ ડિવિઝન હેઠળના ૩૩ અસરગ્રસ્ત ગામોમાં ત્વરીત કામગીરી કરતાં વીજપુરવઠો પણ ચાલુ કરાયો છે. આ ઉપરાંત વેરાવળ ગ્રામ્યમાં કાચા મકાનો, આંશિક નુકસાન તેમજ પૂર્ણ નુકસાન પામેલા મકાનોના સર્વે પણ ચાલુ છે. ઉપરાંત આગામી દિવસોમાં વરસાદની સ્થિતી ધ્યાને લઈ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા સમયાંતરે પશુપાલકોને ઘાસચારો મળે તે માટે તાલાલા અને કાજલી સહિત વિસ્તારોમાં સૂકા ઘાસચારાની વિતરણ વ્યવસ્થા પણ શરૂ કરવામાં આવી છે.





**જીલ્લા મથક શહેરમાં કામગીરી કરાવી જરૂરી**

અત્રે નોંધનીય છે કે, એક તરફ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જિલ્લાનું વહીવટી તંત્ર કલેકટરના માર્ગદર્શન હેઠળ અવિરત કામગીરી કરી રહયું છે તો બીજી તરફ જિલ્લા મથક વેરાવળના અનેક વિસ્તારો અને માર્ગો ઉપર વરસાદી પાણી ભરાયેલા હોય અને ચૌતરફ ગંદકી જ જોવા મળી રહી છે. જેને દુર કરાવવા કલેકટર મેદાનમાં આવીને સીધા તેમના માર્ગદર્શન હેઠળ યુધ્ધના ધોરણે સફાઈ અને પાણી નિકાલની કામગીરી કરાવે તેવી શહેરીજનોમાંથી લાગણી અને માંગણી ઉઠી છે ત્યારે આ બાબતે જીલ્લા કલેકટર શું કરે છે તે જોવું રહેશે.

# જૂનાગઢમાં સેવાભાવી સંસ્થા દ્વારા ફુડપેકેટ વિતરણ





જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢમાં ભારે વરસાદ થતા જૂનાગઢ મુબારકબાગ ઝૂંપડપટી વિસ્તારમાં ઘર વખરી તેમજ જરૂરિયાતની ચીજ વસ્તુઓ તણાઈ જતા સત્યમ સેવા યુવક મંડળ તેમજ પ્રભુ સેવા યુવક મંડળ દ્વારા ફૂડ પેકેટ તેમજ રાત્રી ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલી હતી જેમાં સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, અશોકભાઈ ભટ્ટ, જીતુભાઈ ઉનડકટ, અલ્પેશ પરમાર, પરેશભાઈ બાટવિયા, કમલેશભાઈ ટાંક, કિશન પંડિત, મનોજભાઈ સાવલિયા દ્વારા જહેમત ઉઠાવી હતી.

# વેરાવળમાં સ્વામિનારાયણ મંદિરે કલાત્મક હિંડોળા દર્શન ખુલ્લા મુકાયા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૬

વેરાવળમાં સટ્ટાબજારમાં આવેલ ધર્મકુળ આશ્રિત સ્વામિનારાયણ મંદિર ખાતે પવિત્ર અધિક માસ તેમજ શ્રાવણ માસ નિમિત્તે હરિભકતોના દર્શનાર્થે ભવ્ય કલાત્મક હિંડોળા બનાવવામાં આવ્યા છે. જેનું અનાવરણ સોમનાથ ગુરૂકુળના સંતોના હસ્તે કરવામાં આવેલ હતું. આ તકે પ્રમોદ ભગતએ સત્સંગ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. આ હિંડોળા દર્શનનો લાભ લેવા સ્વામિનારાયણ સત્સંગ સમાજ દ્વારા સર્વે ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.



# માંગરોળના હાર્દસમા શિફારોડની પાલિકા તંત્રના વાંકે બદતર હાલત

## અનેક સ્કૂલો, મદ્રેસા અને મલ્ટીનેશન હોસ્પિટલને જોડતા શિફારોડ પ્રત્યે તંત્રનું ઓરમાયું વલણ કેમ ? : શિફારોડ ઉપર મસમોટા ગાબડાઓ અને વરસાદમાં નદીની જેમ વહેતા પૂરમાં કોઈ મોટી જાનહાનિ થશે ત્યારે તંત્ર જાગશે ? ઉઠતો સવાલ

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૨૬

જૂનાગઢ જિલ્લાના માંગરોળ શહેરના તમામ મુખ્ય રસ્તાઓ બિસ્માર હાલતમા જોવા મળે છે. અહી છેલ્લા એક દાયકાથી ગટર યોજના બહાને કોઈ પણ રસ્તાઓની કામગીરી કરવામાં આવી નથી. ફકત પેચવર્કના નામે ડામરની પોપડીઓ ચડાવવાથી વિશેષ કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. પરંતુ ગટર યોજનાની બુમરાણો વચ્ચે હાલ પ્રજા પિસાઈ રહી છે. માંગરોળનો હાર્દસમા શિફારોડ ખસતાહાલ જોવા મળી રહ્યો છે. આ રોડ ઉપર મોસમોટા ખાડાઓ અને ગાબડાઓ પડી ગયા છે. મનઘડક રીતે બનેલા આ રોડ ઉપરના ખાડાઓમાં સામાન્ય વરસાદમાં તળાવની જેમ પાણી ભરાઈ જાય છે. જેના કારણે રાહદારીઓ ભારે પરેશાની ભોગવી રહ્યા છે. કેટલીક વાર ખાડામાં પડી જવાથી નાના મોટા અકસ્માતો પણ બને છે. રસ્તાનું સ્તર નિચુ હોવાથી ઉપરવાસમાંથી આવતા પાણીથી રોડ નદીમાં ફેરવાઈ જાય છે. ઘણીવાર ભારે વરસાદના કારણે રોડ બંધ થઈ જાય છે. ભારે પાણીનો પ્રવાહ અને મસમોટા ખાડાઓના કારણે આ રોડ ઉપરથી પસાર થવું જોખમી બની જાય છે. સ્થાનિકોની અનેક રાહફરીયાદો સામે પણ તંત્રએ કોઈ તકેદારી લીધી નથી. આ રોડ ઉપર શહેરની મલ્ટીનેશન શિફા હોસ્પિટલ આવેલી છે. શિફા હોસ્પિટલ નામથી આ રોડનું નામ પણ શિફારોડ પડયું છે. અહીથી દરરોજ અનેક ગંભીર બિમારીઓથી પીડીત દર્દીઓ અને એમ્બ્યુલન્સની રાત-દિવસ અવર-જવર રહે છે. આ રોડ ઉપર સોપાન, આલ્ફા અને લાલબાગ સહિતની અનેક પ્રાયમરી સ્કૂલો, મોટા મદ્રેસા પણ આવેલા છે. આ તમામ સ્કૂલો અને મદ્રેસાઓમાં અભ્યાસ કરતા હજારો બાળકો અને વિદ્યાર્થીઓ શિફારોડ ઉપરથી પસાર થાય છે. મસમોટા ગાબડાઓ અને નદીની જેમ વહેતા પૂરમાં બાળકોનું અભ્યાસ અર્થપસાર થવું જોખમી બની રહ્યું છે. એક જાગૃત રાહદારી જણાવે છે કે માંગરોળ શિફા હોસ્પિટલ રોડ ઉપરનાં વરસાદી પાણીનાં નિકાલમાં પાલિકાતંત્ર સંપૂર્ણ નિષ્ફળ નિવડ્યું છે. વેરા ઉઘરાવવામાં ઘરે ઘરે ભટકતું તંત્ર પોતે કરેલા બોર ચાલુ છે કે નહિં ? તે જોવાનો સમય પણ નથી આપી શકતું, રસ્તા ઉપરના મસમોટા ખાડાઓ જોખમી બન્યાં છે.

લોકોનો જીવ સાથે રમત રમાઈ રહી છે ! આવા અનેક રાહદારીઓ અને સ્થાનિકો રજુઆતો અને ફરિયાદો હોવા છતાં તંત્ર આ રોડ પ્રત્યે ઓરમાયું વર્તન દાખવી રહી હોવાનું લોકો જણાવી રહ્યા છે. આજ વિસ્તારમાંથી ચૂંટાયેલા અને હાલ પોતાને મોટા લોકોસેવક ગણાવી રહેલા નેતા પણ આ બાબતે નિષ્ક્રિય બની ગયા છે. તો વળી સંપ અને સંગઠનના અભાવે તંત્ર ઉપર કોઈ પ્રભાવ ના પડતો હોવાની પણ લોક ચર્ચાઓ થઈ રહી છે.

## સૌરાષ્ટ્ર તથા ગુજરાતના આર્થિક વિકાસની ઉડાનને નવી ગતિ આપનારા

# ‘ન્યૂ ઈન્ડિયા’ના પ્રણેતા અને પ્રેરકદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે તા.૨૭મી જુલાઈએ રૂા.૧૪૦૫ કરોડના ખર્ચે ગુજરાતના પ્રથમ ’રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ’ ગ્રીનફીલ્ડનું લોકાર્પણ

## ૨૩ હજાર ચોરસ મીટર વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે પેસેન્જર ટર્મિનલ : પીક અવર્સમાં દર કલાકે ૧૨૮૦ મુસાફરોનું સંચાલન કરવા સક્ષમ : રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર તેમજ એરપોર્ટ ઓથોરિટી દ્વારા લોકાર્પણની તડામાર તૈયારીઓ









સૌરાષ્ટ્ર તથા ગુજરાતના આર્થિક વિકાસની ઉડાનને નવી ગતિ આપનારા ‘ન્યૂ ઈન્ડિયા’ના પ્રણેતા તથા પ્રેરકદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૭ અને ૨૮ જુલાઈ ૨૦૨૩ના રોજ ગુજરાતની બે દિવસીય યાત્રા ઉપર છે. તેઓ ૨૭મી જુલાઈ ૨૦૨૩ના રોજ પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટ હેઠળ સમાવિષ્ટ ગુજરાતના પ્રથમ હિરાસર ‘રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ’ ગ્રીનફિલ્ડનું લોકાર્પણ કરશે. આ માટે હાલ રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર તેમજ એરપોર્ટ ઓથોરિટી દ્વારા તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. રાજકોટ તેના નાના પાયાના તેમજ મોટા ઉદ્યોગોને કારણે ગુજરાત અને ભારત માટે એક મહત્વપૂર્ણ આર્થિક કેન્દ્ર છે. આ શહેર વૈશ્વિક પરિપ્રેક્ષ્ય સાથે જટિલ પુરવઠા શૃંખલાઓમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે, જેમાં ઝડપથી વધારો થવાની અપેક્ષા છે. આંતરરાષ્ટ્રીય બજાર સાથે એર કનેક્ટિવિટી ઔદ્યોગિક વિકાસને વેગ આપશે, જે બદલામાં રોજગારીની નવી તકો પેદા કરશે. આ ઉપરાંત, નવા એરપોર્ટને કારણે રાજકોટમાં ઘણો વ્યાવસાયિક વિકાસ પણ થશે. આ એરપોર્ટ અમદાવાદ-રાજકોટ હાઈવે ઉપર સ્થિત છે, જેના કારણે આ એરપોર્ટ આ વિસ્તારમાં આવેલા બહુવિધ ઉદ્યોગો માટે લોજિસ્ટિક્સ સંબંધિત સમય અને ખર્ચમાં ઘટાડો કરશે. મોરબીના સિરામિક ઉદ્યોગ અને જામનગરના અન્ય ઉદ્યોગો પણ એર કનેક્ટિવિટી માટે રાજકોટ ઉપર નિર્ભર છે. આ નવું એરપોર્ટ ટ્રાવેલ લોજિસ્ટિક્સ, હોટેલ ઉદ્યોગ, રેસ્ટોરાં, વેરહાઉસ-કાર્ગો હેન્ડલિંગ, ક્લીયરિંગ બિઝનેસ વગેરેને પ્રોત્સાહન આપશે. ઉલ્લેખનીય છે કે, ૭ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ વડાપ્રધાનશ્રીએ જ ચોટીલા પાસે આવેલા હિરાસર ગામમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટના નિર્માણ અર્થે ભૂમિપૂજન કર્યું હતું. હવે સૌરાષ્ટ્ર તથા ગુજરાતના આર્થિક વિકાસની ઉડાનને નવી ગતિ આપનારા આ એરપોર્ટનું તેમના વરદહસ્તે લોકાર્પણ થવા જઈ રહ્યું છે, ત્યારે સૌરાષ્ટ્રના લોકોમાં ઉત્સાહનો માહોલ છે. વર્ષ ૨૦૧૭માં ભૂમિપૂજન બાદ નવા ગ્રીનફીલ્ડ એરપોર્ટના નિર્માણ માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકારના નાગરિક ઉડ્ડયન વિભાગ વચ્ચે સમજૂતિ કરાર થયા હતા.

**હિરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટની વિશેષતાઓ**

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટને પીએમ ગતિશક્તિ પ્રોજેકટ હેઠળ સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. રાજકોટથી આશરે ૩૦ કિલોમીટર દૂર, નેશનલ હાઈવે નં-૨૭ નજીક હિરાસર ગામ પાસે રૂા.૧૪૦૫ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય ગ્રીનફીલ્ડ એરપોર્ટનું નિર્માણ થયું છે. સમગ્ર એરપોર્ટ સંકુલ ૧૦૨૫.૫૦ હેકટર (૨૫૩૪ એકર)માં ફેલાયેલું છે, જેમાં ૧૫૦૦ એકરમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા એરપોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ એરપોર્ટ ૩૦૪૦ મીટર (૩.૦૪ કિમી) લાંબો અને ૪૫ મીટર પહોળો રન-વે ધરાવે છે, જેના ઉપર એકસાથે ૧૪ વિમાનો પાર્ક થઈ શકશે. ૫૦,૮૦૦ ચોરસ મીટરમાં એપ્રન બેય્ઝ બનાવવામાં આવ્યો છે. ૨૩ હજાર ચોરસ મીટરમાં પેસેન્જર ટર્મિનલ બનાવવામાં આવ્યું છે. આ ટર્મિનલ પીક અવર્સમાં દર કલાકે ૧૨૮૦ મુસાફરોનું સંચાલન કરી શકાશે. આ નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટ ઉપરથી ‘C’- ટાઈપ પ્લેન પણ ઓપરેટ કરી શકાશે, અને ભવિષ્યમાં ‘E’- ટાઈપ પ્લેન માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આનાથી રાજકોટ અને સૌરાષ્ટ્રના લોકો એરબસ એ-૩૮૦, બોઈંગ૭૪૭ અને બોઈંગ ૭૭૭ જેવા મોટા કદના વિમાનોની સેવાઓ મેળવી શકશે. એરપોર્ટ ઉપર સોલાર પાવર સિસ્ટમ, ગ્રીન બેલ્ટ તથા રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. આ એરપોર્ટ ઉપર પેરેલલ હાફ ટેક્સી-વે, રેપિડ એક્ઝિટ ટેક્સી ટ્રેક, ઈન્ટરિમ ટર્મિનલ બિલ્ડિંગ, કાર્ગો અને એમઆરઓ / હેન્ગર્સની સુવિધા પણ ઉપલબ્ધ થશે. ગ્રીનફિલ્ડ એરપોર્ટને તાજેતરમાં ઈન્ટરનેશનલ એરોનોટિકલ ઈન્ફોર્મેશન પબ્લિકેશન(A.I.P) ટેગ આપવામાં આવ્યું છે. આ ટેગ એરક્રાફ્ટના સંચાલન માટે ખૂબ મહત્વનો ગણાય છે. આ એરપોર્ટ વિશિષ્ટ સુવિધાઓથી સજ્જ હશે, જેમાં ચાર પેસેન્જર બોર્ડિંગ બ્રિજ, ત્રણ કન્વેયર બેલ્ટ અને ૮ ચેક-ઈન કાઉન્ટર્સ (ભવિષ્યમાં બીજા ૧૨ ચેક-ઈન કાઉન્ટર્સ બનાવવામાં આવશે) નો સમાવેશ થાય છે. આ સાથે જ, આ એરપોર્ટ અદ્યતન ફાયર ફાઈટિંગ અને ફાયર એલાર્મ સિસ્ટમથી સજ્જ હશે. એર ટ્રાફિક કંટ્રોલર (A.T.C), ઈન્ટરિમ ટર્મિનલ બિલ્ડિંગ અને ફાયર સ્ટેશન ઉપરાંત ૫૨૪ એકરમાં ફેલાયેલા સિટી સાઈડ એરિયામાં લેન્ડસ્કેપિંગ, કાર, ટેક્સી અને બસ પાર્કિંગની સુવિધાઓ બનાવવામાં આવી છે. એરપોર્ટની ગેલેરી ગુજરાતના સમૃદ્ધ વારસા અને પરંપરાઓની ઝલક પૂરી પાડે છે. આ ગેલેરી રણજીત વિલાસ પેલેસ, દાંડિયા અને રાજ્યના લોકનૃત્યોની કલાથી શણગારવામાં આવી છે.

**ગ્રીનફિલ્ડ એરપોર્ટ એટલે શું ?**

ગ્રીનફિલ્ડ એરપોર્ટ એટલે એવું એરપોર્ટ કે જે ગ્રીનફિલ્ડ પ્રોજેકટ હોય. જ્યાં ઈન્ટરનેશનલ એરપોર્ટનું પાયાથી બાંધકામ શરૂ થયું હોય, કોઇ હયાત એરપોર્ટ કે માળખામાં બદલાવ કે અપગ્રેડ કરીને બનાવાયું ન હોય. સામાન્ય રીતે શહેરની બહાર આવેલી ખેતીની કે વણવપરાયેલી જમીન ઉપર શૂન્યમાંથી સર્જન કરીને પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવે તેને ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ કહેવામાં આવે છે. આવા પ્રોજેક્ટ માટે એવી જમીન સંપાદિત કરવામાં આવે છે કે જેનું માળખું ન્યૂનતમ હોય છે, જેનો ફાયદો એ છે કે જમીન ઉપર કોઈ જૂનું બાંધકામ કે રોડ ન હોવાથી નવા પ્રોજેકટની ડિઝાઈન માટે કોઈ મર્યાદા નડતી નથી, તરત જ નિર્માણકાર્ય શરૂ કરી શકાય છે અને ખાલી જમીનના ઉપયોગ થકી વિકાસ થાય છે. ઉપરાંત આવી જમીન ઉપર મોટો પ્રોજેક્ટ કરવા માટે શહેરના બહારના અવિકસિત વિસ્તારમાં માળખાગત સુવિધાઓના નિર્માણ સાથે નવા ધંધા રોજગારની તકો ઉભી થાય છે.

**ભારતના ગ્રીનફિલ્ડ એરપોર્ટ્સ**

દેશમાં વધતા જતાં હવાઈ સફર ઉદ્યોગને લીધે હાલના એરપોર્ટ્સ ઉપર એર ટ્રાફિક ગીચ ન બને અને વિમાનોનું સંચાલન સારી રીતે કરી શકાય તે માટે નવા સુવિધાયુકત એરપોર્ટ બનાવવાની જરૂરિયાત સમજીને ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા ગ્રીનફિલ્ડ એરપોર્ટ્સ પોલિસી-૨૦૦૮ અમલમાં મુકવામાં આવી છે, જે અંતર્ગત સમગ્ર દેશમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટના નિર્માણ સંબંધિત વિગતવાર માર્ગદર્શિકા, પ્રક્રિયાઓ અને તબક્કાઓ નિર્ધારિત કરવામાં આવ્યાં છે. GFA નીતિ હેઠળ પ્રોજેકટના પ્રસ્તાવક, એરપોર્ટ ડેવલપર અથવા ગ્રીનફિલ્ડ એરપોર્ટની સ્થાપના કરવા ઈચ્છુક સંબંધિત રાજય સરકારે ‘સાઈટ ક્લિયરન્સ’ અને ‘સૈદ્ધાંતિક’ મંજૂરી-એમ બે તબક્કાની મંજૂરી પ્રક્રિયા માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલયને દરખાસ્ત મોકલવાની હોય છે. GFA નીતિ હેઠળ, ભારત સરકારે ગુજરાતમાં ધોલેરા અને હિરાસર સહિત અન્ય રાજ્યોમાં કૂલ ૨૧ ગ્રીનફિલ્ડ એરપોર્ટ સ્થાપવા માટે ‘સૈદ્ધાંતિક’ મંજૂરી આપી છે. આમાંના ૧૧ ગ્રીનફિલ્ડ એરપોર્ટ કાર્યરત પણ થઈ ગયા છે. જેમાં દુર્ગાપુર, શિરડી, કન્નુર, પાક્યોંગ, કલબુર્ગી, ઓરવાકલ (કુર્નૂલ), સિંધુદુર્ગ, કુશીનગર, ઈટાનગર, મોપા અને શિવમોગા એરપોર્ટનો સમાવેશ થાય છે. હિરાસર એરપોર્ટ દેશનું ૧૨મું ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનશે. આ ૨૧ એરપોર્ટ ઉપરાંત રાજસ્થાનમાં અલવર, મધ્ય પ્રદેશમાં સિંગરૌલી અને હિમાચલ પ્રદેશમાં મંડી ગ્રીનફિલ્ડ એરપોર્ટને કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ તબક્કાની ‘સાઈટ ક્લિયરન્સ’ મંજૂરી આપવામાં આવી છે. આ પોલિસીમાં ઉદારીકરણ લાવીને હવે નવા એરપોર્ટ વિકસાવવાને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે, જેથી એરપોર્ટ ઈનફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ દ્વારા વિકસતા જતા ભારતની આકાંક્ષાને અનુરૂપ વિકાસ નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં પણ સાધી શકાય. દેશમાં ૩ વર્ષમાં ૯ નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટ શરૂ કરવામાં આવનાર છે, જેમાં હિરાસર ઉપરાંત નવી મુંબઈ, વિજયપુરા, હસન, નોઈડા(જેવર) અને ધોલેરાનો સમાવેશ થાય છે.

-:: આલેખન ::-

**પ્રિયંકા પરમાર, સંદીપ કાનાણી, ભાર્ગવ કે. ભંડેરી**

# જૂનાગઢની જનતા અને પ્રવાસીઓને મળ્યું નવું નજરાણું






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૬

સરદાર પટેલ દરવાજામાં આવેલી સરદાર પટેલ ગેલેરી ખુલ્લી મુકાઈ. રિનોવેટ થયેલ સરદાર પટેલ દરવાજો જોવાની સાથે સાથે જોવા મળશે ઉપરકોટ કિલ્લાના જૂના અને નવા રૂપ દર્શાવતો વિડિઓ, જૂનાગઢ શહેરની તસ્વીરી હેરીટેજ વોક અને ચિત્રો તેમજ ફોટોગ્રાફનો ખજાનો. જૂનાગઢ શહેર તેનાં શહેરી કિલ્લાની દીવાલોમાં બનાવેલ દરવાજાઓ માટે પણ પ્રખ્યાત છે. જેમાંનો એક દરવાજો એટલે કે સરદાર પટેલ દરવાજો. આ દરવાજાનું નિર્માણ જૂનાગઢના બાબી નવાબ બહાદુર ખાન તૃતીયના સમય દરમ્યાન ઈ.સ. ૧૮૮૩માં શરૂ કરવામાં આવેલ. દરવાજાની બિલકુલ સામેની તરફ ઈ.સ.૧૮૮૯માં રેલ્વે લાઈન અને સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું. તત્કાલીન બોમ્બેના ગવર્નર લોર્ડ રેના નામ ઉપરથી જ આ દરવાજાને લોર્ડરે દરવાજા તરીકે ઓળખવામાં આવતો હતો. કેટલાક લોકો તેને સ્ટેશન દરવાજા તરીકે પણ ઓળખે છે. ૧૯મી જાન્યુઆરી, ૧૮૮૮ના રોજ જયારે જુનાગઢમાં પ્રથમ ટ્રેનનું આગમન થયું અને એના માનમાં દરવાજાની ઉપર ક્લોક ટાવરનું નિર્માણ થયું. ચુના તથા રેતીયા પથ્થરોમાંથી બનેલ આ દરવાજો એ જૂનાગઢ આવનાર પ્રવાસીઓ ને પોતાની તરફ આકર્ષતો રહેલો છે. અર્ધ-ગોળાકારે બનાવેલ આ દરવાજો અને તેના નીચે ત્રણ દરવાજાઓ ઝરૂખાઓ, બારીઓ અને ઉપર ક્લોક ટાવર, વગેરે તેને મનમોહક બનાવે છે. આઝાદી પછી આ દરવાજાને સરદાર પટેલ દરવાજા તરીકે ઓળખે છે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા આ દરવાજાની ઐતિહાસિકતાને જાળવવા તેમજ તેને બહાર લાવવા તેનું રિનોવેશન કરાવ્યું. જે કામ ભારતભરમાં ૨૦૦થી પણ વધારે ઐતિહાસિક ધરોહરની જાળવણી કરતી કંપની સવાણી હેરિટેજ કન્ઝર્વેશન દ્વારા પૂર્ણ કરવામાં આવેલ. તેમજ ૧૩ નવેમ્બર ૨૦૨૧ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ. જૂનાગઢ આવતા પ્રવાસીઓ તેમજ જૂનાગઢની જાહેર જનતાને આ દરવાજાની અંદર જઈને પોતાના ઐતિહાસિક ધરોહરને જોવાનો મોકો મળી રહે તે હેતુસર જૂનાગઢ મહાનગરપાલિકાના સહયોગ વડે સવાણી હેરિટેજ કન્ઝર્વેશન પ્રા. લી. દ્વારા અધિક શ્રાવણ માસમાં એક અધિક પ્રવાસન સ્થળ તરીકે ખુલ્લું મુકવામાં આવી રહ્યું છે. જેમાં ઐતિહાસિક ધરોહરને નજીકથી નિહાળવાની તક તો મળશે જ સાથે સાથે દરવાજાની રિસ્ટોરેશન પહેલાંની તેમજ જૂનાગઢ શહેરના અન્ય પ્રવાસન સ્થળોની માહિતી આપતી તસવીરો જોવા મળશે. આ ઉપરાંત અહીં ગેલેરીમાં લગાવેલ આશરે ૧૦૦ વર્ષ જુના ફોટોગ્રાફની તસ્વીરી માહિતી જોઈ શકાય છે, જે આપણને જૂનાગઢ શહેરની હેરિટેજ વોક કરવાનો અનુભવ પ્રાપ્ત કરાવે છે. જૂનાગઢ અને ગુજરાત રાજ્યનો બેનમૂન સુરક્ષા ધરાવતો ઐતિહાસિક એવો ઉપરકોટ કિલ્લો ગુજરાત રાજયના પ્રવાસન વિભાગ દ્વારા રિનોવેશન કરવામાં આવેલ છે, જેની એક વર્ચ્યુઅલ ટૂરનો વિડિઓ પણ અહીં રજુ કરવામાં આવી રહ્યો છે.

આ સાથે સાથે જુનાગઢ શહેરમાં કળા પ્રત્યે લોકો વધુને વધું આકર્ષાય તેમજ તેમની કળા ઉજાગર થાય તે હેતુસર એક ચિત્ર/ફોટો આર્ટ ગેલેરીનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં અલગ અલગ કલાકારો દ્વારા બનાવવામાં આવેલા ચિત્રો/ પેઈન્ટિંગ/ડ્રોઈંગ અને ફોટોગ્રાફસને દર્શાવતી ગેલેરીનું પણ અહીં આયોજન કરવામાં આવેલ છે. જેમાં જૂનાગઢના ખ્યાતનામ ચિત્રકારો અને ફોટોગ્રાફર્સનો બહોળો ફાળો રહ્યો છે. આ બધું જ અહીં એકસાથે નિહાળી શકાય અને માણી શકાય તે માટેનું આયોજન સવાણી હેરિટેજ કન્ઝર્વેશન પ્રા. લી. દ્વારા જૂનાગઢ મહાનગરપાલિકાના સહયોગ સાથે આ સરદાર પટેલ દરવાજામાં કરવામાં આવેલ છે.

## જૂનાગઢમાં કડીયાવાડ નજીક આવેલ વધુ એક જર્જરીત બિલ્ડીંગ અકસ્માત સર્જે તે પહેલા ઉતારી લેવા માંગ

### જીલ્લા કલેક્ટર તથા કમિશ્નરને પત્ર દ્વારા રજુઆત કરાઈ

જૂનાગઢતા.૨૬

જૂનાગઢનાં એડવોકેટ એમ.બી. શુકલાએ કલેકટર જૂનાગઢ તથા કમિશ્નરને પત્ર પાઠવી જર્જરીત બિલ્ડીંગ કોઈ અકસ્માત સર્જે તે પહેલા પગલા ભરવાની માંગ કરી છે. આ પત્રમાં એડવોકેટ એમ.બી. શુકલાએ જણાવેલ છે કે કડીયાવાડ શાકમાર્કેટ નજીક ભાવના સ્ટ્રીટમાં અમારા કુટુંબ સાથે રહીએ છીએ અને અમો વકીલાતનો વ્યવસાય કરતા હોય જરૂરી કન્સલ્ટી ઓફીસ પણ કડીયાવાડ નજીક ધરાવીએ છીએ. આ ઉપરાંત અન્ય લોકોનાં રહેણાંકના મકાનો આવેલ છે જેમાં તેઓ તેના પરિવાર સાથે રહે છે. જે કડીયાવાડ શાકમાર્કેટમાં બરાબર મહાનગર સેવા સદન જૂનાગઢ વોર્ડનં. ૧૦ની ઓફીસ કે જયાં સેનેટરી ઈન્સ્પેકટર બેસીને કામ કરે છે. બરાબર તેની સામે 'ઉમંગ' નામનું ગ્રાઉન્ડ ફલોર સહીત પાંચ માળનું ફકત સિંગલ પટ્ટીનું અને આશરે વીસેક વર્ષ જુનું બાંધકામ ધરાવતું જર્જરીત એપાર્ટમેન્ટ આવેલ છે કે જેમાં શરૂઆતથી એટલે કે જયારે એપાર્ટમેન્ટ બન્યું ત્યારથી તેની બંને સાઈડ એટલે કે પશ્ચિમ અને ઉત્તરબાજુએ વાટા કે પ્લાસ્ટર કરવામાં આવેલ નથી. જેના કારણે સમયાંતરે આ એપાર્ટમેન્ટની ઉત્તર તરફની પાંચ માળની લાંબી અને આશરે ૮૦ ફુટ જેટલી પહોળી દિવાલ બિલકુલ જર્જરીત હાલતમાં થઈ ગયેલ છે. જે એપાર્ટમેન્ટમાં વસાતા રહેવાસીઓનું ધ્યાન દોરવામાં આવેલ છે. તેમજ સત્તાધીશોને લેખીતમાં આજુબાજુના રહેણાંક વિસ્તારમાં રહેતા રહેવાસીઓએ આ બિલ્ડીંગ ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી પુરેપુરી શકયતાઓ છે. તે બાબતે લેખીતમાં રજુઆતો કરેલ છે. આ એપાર્ટમેન્ટનો ઉત્તર તરફનો આખો ભાગ સંપૂર્ણ કોરો-વાટા વગરનો કે પ્લાસ્ટર વગરનો હોય અને જીવજંતુ, પક્ષીઓએ બે બેલાની વચ્ચે તિરાડોમાં રહેણાંક બનાવેલ હોય અને ગમે ત્યારે આ ભાગ એપાર્ટમેન્ટનો બિલકુલ જર્જરીત અવસ્થામાં હોય ગમે ત્યારે અકસ્માત સર્જાવાની દહેશત છે. આ એપાર્ટમેન્ટનો પૂર્વ અને દક્ષિણ તરફનો ભાગ જાહેર રોડ અને શાકમાર્કેટમાં પડે છે. જયાં હજારો રાહદારીઓ અને શાકભાજી ખરીદવાવાળાઓ તેમજ આ એપાર્ટમેન્ટની નીચે કરીયાણાની દુકાનો હોય ભરચક માણસોની હાજરી રહે છે. અને જોગાનુજોગ આ બિલ્ડીંગની ઉત્તર તરફનો ભાગ અમારા ઉપરોકત રહેણાંક મકાન અને ઓફીસ જે એક જગ્યાએ આવેલા છે તે તરફ પડે છે. અને વારંવાર પક્ષીઓ, ખીસકોલીઓએ તેમાંથી તમામ બે-બેલાની વચ્ચેનાં બાંધકામમાં વપરાયેલ રેતી અને ચુનો ખોદી નાખી ખોખલા કરી નાખ્યા છે. આમ આ બિલ્ડીંગ ગમે ત્યારે જમીનદોસ્ત થઈ જાય તેવી પુરેપુરી શકયતા છે.

તાજેતમાં શાકમાર્કેટમાં થોડે દુર આના જેવું જ એક જર્જરીત બિલ્ડીંગ અચાનક જમીનદોસ્ત થતાં મોટો અકસ્માત થયેલ છે. અને તેની બચાવની કામગીરી વહીવટી તંત્ર કરી રહયું છે. આવા તબકકે આ અગાઉની કોઈ રજુઆતો સ્થાનીક કક્ષાએ સંબંધીત કચેરીઓએ ધ્યાને લીધેલ ન હોય, ના છુટકે, ના ઈલાજે અમારે પોતાએ એક જાગૃત નાગરીક તરીકે અને જાહેર હીત માટે આ અરજ કરવા ફરજ થઈ પડી છે. અંતમાં વિનંતી કરવામાં આવી છે કે જાનમાલની નુકશાની થાય તે પહેલા આ બાબતે ત્વરીત યુધ્ધની ગતિએ આ બિલ્ડીંગને કાંતો દુર કરવામાં આવે અથવા તુરંતમાં તેનું જરૂરી રીનોવેશન થઈ જાય અથવા તો શકય હોય ત્યાં સુધી ઉપરના બે માળ ઉતારી લેવામાં આવે તો આમ જનતાને, અમને મોટી જાનહાનીમાંથી બચાવી શકાય તેમ છે. આ અન્વયે જો તાકીદની અસરથી યોગ્ય કરવામાં નહીં આવે અને હાલની અતિવૃષ્ટીમાં જો કોઈ ગંભીર અકસ્માત સર્જાય તો તે અંગેની તમામ જવાબદારીઓ સંબંધીત ખાતાઓ (વિભાગો)ની રહેશે તેમ જણાવ્યું હતું.

## જૂનાગઢ જીલ્લામાં લીલા દુષ્કાળની સ્થિતિ

### અર્જુન મોઢવાડિયાએ મુખ્યમંત્રીને પત્ર લખી સહાયની માંગ કરી



જૂનાગઢ તા.૨૬

સૌરાષ્ટ્ર અને કચ્છમાં પડેલ ભારે વરસાદને કારણે જાનમાલને નુકસાન થયું છે, ત્યારે કોંગ્રેસ નેતા અર્જુન મોઢવાડિયાએ મુખ્યમંત્રીને પત્ર લખી સહાયની માંગ કરી છે. સાથે જ ઘેડ વિસ્તારમાં વર્ષોની માંગણી છતાં પણ તળાવ અને નદીના બાકી રહેલ કામ પૂર્ણ ના થતા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઘેડપંથકમાં પાણી ભરાયા હોવાનો આક્ષેપ મોઢવાડિયાએ કર્યો છે. સાથે જ દાવો કર્યો છે કે જૂનાગઢ મહાનગરપાલિકામાં ભાજપ શાસનમાં થયેલ દબાણના કારણે પાણીનો કુદરતી નિકાલ ના થયો અને રૂા. ૨૦૦ કરોડનું નુકસાન થયું. બિપરજોય વાવાઝોડા અને ત્યારબાદ અતિ ભારે વરસાદને કારણે ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, જામનગર, દેવભૂમિ દ્વારકા સહિતના વિસ્તારોમાં નુકસાની જોવા મળી રહી છે. અનેક જગ્યાઓ પર ખેતરોમાં પાણી ભરેયલા છે તો ખેડૂતોએ વાવણી કર્યાબાદ વરસાદથી પુનઃ વાવણી કરવી પડે એવી સ્થિતિ છે. કોંગ્રેસ નેતાઓએ પૂરગ્રસ્ત અને અતિવૃષ્ટિવાળા વિસ્તારોની મુલાકાત કરી હતી. મુલાકાત બાદ કોંગ્રેસ નેતા અર્જુન મોઢવાડિયાએ મુખ્યમંત્રીને પત્ર લખી અનુરોધ કર્યો છે કે ઘેડ વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસોથી પાણી ભરાયેલા છે. ત્યાંનાં ગામડાઓમાં **NDRF**ની ટીમો મોકલીને તાકીદે મેડિકલ સહિતની સેવાઓ પૂરી પાડવામાં આવે. છેલ્લા ૧૦-૧૫ દિવસથી પાણી ભરાયેલા હોવાના કારણે પશુઓ ઘાસચારા વિનાના છે, ત્યાં તાકીદે સૂકો ઘાસચારો રાહત દરે વન વિભાગ મારફતે પૂરો પાડવામાં આવે. મોઢવાડિયાએ વધુમાં જણાવ્યુ કે ઘેડ સહિત રાજ્યના સમગ્ર પુરગ્રસ્ત વિસ્તારોમાં ભારે વરસાદને કારણે રોજીરોટી ગુમાવનારને ૧ મહિનાનું કેશ ડોલ્સ તથા ઘરવખરીને થયેલ નુકસાન પેટે વળતર આપવામાં આવે. ઘેડ વિસ્તારની નદીઓ, કેનાલો અને તળાવો ઊંડા અને પહોળા કરવામાં આવે. જે જિલ્લાઓમાં વાવેતર નિષ્ફળ ગયું છે તે તમામ ખેડૂતોને કપાસ, મગફળી, સોયાબીન, જુવાર સહિતના બિયારણ વિનામૂલ્યે પૂરા પાડવામાં આવે અને બને એટલી જલ્દી સર્વે કામગીરી પૂર્ણ કરવામાં આવે. જુનાગઢ શહેરમાં ભારે વરસાદ બાદ જે તારાજીના દ્રશ્યો સામે આવી રહ્યા છે એ બાબતને લઈ મોઢવાડિયાએ દાવો કર્યો છે કે મહાનગરપાલિકાના ભ્રષ્ટાચારને કારણે વોંકળા અને નાળાઓ પર દબાણ થવાને કારણે જુનાગઢ જળબંબાકાર થયું છે. ત્યાં વોંકળા અને નાળા સાફ કરવામાં આવે. ભાજપ શાસનમાં જુનાગઢ શહેરમાં આડેધડ દબાણ થતા પાણીનો કુદરતી નિકાલ નથી થઈ શક્યો અને એના જ કારણે જુનાગઢમાં વરસાદી તારાજી સર્જાઈ. ભાજપના ભ્રષ્ટાચારના કારણે જુનાગઢને ૨૦૦ કરોડનું નુકસાન થયું હોવાનું દાવો મોઢવાડિયાએ કર્યો અને માગ કરી કે જે પણ શહેરમાં કુદરતી રીતે પાણીનો નિકાલ નથી થતો અને વહેણ પાસે દબાણો થયા છે એના અભ્યાસ માટે સ્પેશિયલ ટેક્નિકલ ટીમ બનાવી અભ્યાસ થવો જોઈએ.

## જૂનાગઢમાં પુરપ્રકોપ અને બિલ્ડીંગ ધરાશાયી થવાનાં બનાવ સમયે સર્જાયેલી પરિસ્થિતિમાં પોલીસની સરાહનીય કામગીરી



જૂનાગઢતા.૨૬

જૂનાગઢ શહેર અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ લોકો સલામતીનો અનુભવ કરી અને નિર્ભયતાથી રહી શકે તે માટે જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિતેજા વાસમ શેટ્ટી દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. તો આ સાથે જ જયારે પણ મદદનો પોકાર ઉઠે છે ત્યારે પણ જીલ્લા પોલીસ વડાની તેમજ સમગ્ર પોલીસ સ્ટાફની કામગીરી ઉમદા રહી છે. તાજેતરમાં જ જૂનાગઢ શહેર ભારે વરસાદ અને પુર પ્રકોપને કારણે જળબંબાકાર જેવી સ્થિતિમાં રહયું હતું તે સમયે પણ જીલ્લા પોલીસ વડા રવિતેજા વાસમ શેટ્ટીએ વરસતા વરસાદમાં અસરગ્રસ્તો વિસ્તારોની મુલાકાત લઈ અને તેમનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર પોલીસ સ્ટાફે સુંદર કામગીરી અને સરાહનીય પગલા લીધા હતાં. લોકોને બિનજરૂરી બહાર ન નીકળવાની પણ અપીલ કરવામાં આવી હતી. આ પુર પ્રકોપની મુશ્કેલ પરિસ્થિતિમાંથી જનજીવન થાળે પડી રહયું હતું ત્યાં જ કડીયાવાડનાં નાકે આવેલું એક બિલ્ડીંગ ધરાશાયી થવાની ભયાનક દુર્ઘટના બની હતી. અને આ મુશ્કેલજનક પરિસ્થિતિમાં વરસાતા વરસાદ વચ્ચે પણ જીલ્લા પોલીસ વડા રવિતેજા વાસમ શેટ્ટીએ બચાવ અને રાહતની કામગીરીમાં સંપૂર્ણ સહયોગ આપી અને કાયદો વ્યવસ્થાની સ્થિતિનું સુંદર નિયમન કરી અને સરાહનીય કામગીરી કરી છે. આ ઉપરાંત જૂનાગઢ શહેરમાં આવેલા પોલીસ વિભાગનાં તમામ સ્ટાફ દ્વારા પણ મુશ્કેલજનક પરિસ્થિતિમાં પણ સરાહનીય કામગીરી દાખવી છે અને ફરી એકવાર પોલીસ પ્રજાનો મિત્ર છે તે સુત્રને સાર્થક કરેલ છે.

## ઉનામાં મોહરમના તહેવારને લઈને શાંતિ સમિતિની બેઠક યોજાઈ

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૬

ઉના પ્રાત કચેરીમાં શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં મોહરમનો તહેવાર છે જેને લઈને આ બેઠક યોજવામાં આવી હતી. જેમાં ગિરસોમનાથ જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા, ઉનાના પીઆઈ ગોસ્વામી, ગીર-સોમનાથ જિલ્લા એસઓજીના પીઆઈ, ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે વિષય ઉપર વાત કરવામાં આવી હતી. જેમાં મુસ્લિમ સમાજના પણ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને હિન્દુ સમાજના પણ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. હિન્દુ સમાજના આગેવાન મનોજભાઈ બાભણીયા, નગરપાલિકાના ઉપપ્રમુખ ચંદ્રેશભાઈ જોષી, ચિંતન ગઢીયા પત્રકાર અને સમાજના અગ્રણી રસિકભાઈ ચાવડા, હિન્દુ યુવા સંગઠન અગ્રણીઓ મહેશ બારૈયા, કરણબાપુ ગોસ્વામી, અજયભાઈ બાભણીય, સંદીપ બાભણીય, કલ્પેશ ચોહાણ, મનોજ સરમા, અશ્વિન મઠેયા, રાહુલ બાભણીયા તથા મુસ્લિમ સમાજન આગેવાની વાત કરીએ ત્યારે યુસુફભાઈ સોરઠીયા, ઓલ ગુજરાત ઘાચી સમાજ પ્રમુખ માસુમભાઈ કાસમાણી તથા મોટી સંખ્યામાં સમાજના આગેવાનો ઉપસ્થિત રહયા હતાં.

## બિલાખામાં પુર હોનારત દરમ્યાન હોમગાર્ડ જવાનોએ સુંદર કામગીરી કરી લોકોનાં દિલ જીત્યા



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા. ૨૬

બિલખામાં ગત ૨૨ જુલાઈનાં રોજ ગામની તમામ નદીઓમા ભયંકર પુર આવતાં અચાનક નીચાણવાળા વિસ્તારમાં વસ્તા તમામ લોકોનાં ઘરોમાં પાણી ઘુસી ગયા હતાં જેને લીધે હજારો કુટુંબોની કિંમતી ઘરવખરી નાશ પામી હતી. આવા કપરા સંજોગોમાં બિલખા હોમગાર્ડ કમાન્ડર અતુલભાઈ વ્યાસ અને હોમગાર્ડનાં જવાનોએ પોતાના જીવના જોખમે લોકોને સ્થળાંતર કરાવ્યા હતાં. ઉપરાંત લોકોની ઘરવખરી બચાવવા પણ તનતોડ મહેનત કરી હતી. આમ આવા ભયંકર આફતના સમયે હોમગાર્ડ જવાનો લોકોની વચ્ચે રહી ખુબજ સુંદર કામગીરી બજાવી લોકોનાં હૃદય જીતી લીધા હતાં.

## બિલખામાં પુર હોનારતને લીધે પંચાયતની પાણીની લાઈનો તણાઈ : ૧૦ દિવસ પાણી પુરવઠો બંધ રહેશે


### સરપંચ દ્વારા લોકોને સહકાર આપવા વિનંતી

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા. ૨૬

બિલખામાં ગત ૨૨ જુલાઈના રોજ તમામ નદીઓમાં ભયંકર પુર આવતા બિલખા ગામને પીવાનુ પાણી પુરી પાડતી પંચાયતની લાઈનો તણાઈ ગયેલ હોય ૧૦ દિવસ સુધી પાણી પુરવઠો બંધ રહેશે એમ જાણવા મળેલ છે. પંચાયત દ્વારા વહેલીતકે પાણી પુરવઠો ચાલુ થઈ જશે એવી ગ્રામજનોને ખાત્રી આપી અને સહકાર આપવા વિનંતી કરેલ છે.

## જોષીપુરા કોલેજનું ગૌરવ



જૂનાગઢ, તા.૨૬

ગુજરાત ગર્લ્સ બટાલિયન રાજકોટ દ્વારા તા.૨૧/૭/૨૦૨૩ શુક્રવારના રોજ રી પબ્લિક ડે કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું તેમાં અત્રેની માતા જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આટર્સ એન્ડ કોમર્સ કોલેજ- જોષીપુરા જૂનાગઢમાંથી ૯ કેડેટસએ પ્રતિનિધિત્વ કરેલું તેમાંથી ચૌહાણ રીના હરસુખભાઈની આરડીસી માટે પસંદગી થયેલ છે. સંસ્થાના ગૌરવ વધારવા બદલ અત્રેની સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જે.કે. ઠેસીયા, ટ્રસ્ટી પાઘડાળ, કેમ્પસ ડાયરેકટર રાણપરીયા, શિક્ષણ નિયામક પોલરા, કોલેજના પ્રિન્સિપાલ ડો.જે.એ.સોજીત્રાએ કોલેજના એનસીસી વિભાગના સીટીઓ ડો.પારૂલ વી.મારૂ તેમજ પૂર્વ એએનઓ ડો.ભાવનાબેન ગજેર, એનએસએસના કો-ઓડીટર ડો.દાસ તેમજ કોલેજના તમામ સ્ટાફ પરીવારે અભિનંદન પાઠવેલ છે તેમજ આગળના કેમ્પમાં જવા માટે શુભેચ્છા પાઠવેલ છે.

